જૈન ધર્મનો મર્મ સમજાવતુ - પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સદ્‌ઉપદેશનો પ્રચાર-પ્રસાર કરતુ આધ્યાત્મિક માસિકપત્ર

❖ સપ્ટેમ્બર ૨૦૧૨
❖ વર્ષ : ૨૬
❖ અંક : ૯
❖ સળંગ અંક : ૨૯૭

# ગુરુપ્રસાદ

❖ આજીવન લવાજમ: રૂા. ૨૦૦/-
❖ વાર્ષિક લવાજમ: રૂા. ૨૫/-
❖ છૂટક નકલ : રૂા.૫/-
❖ પાના: ૩૨ + ૪ = ૩૬

**દ્રષ્ટિનો વિષય : વિશેષાંક**

## તંત્રી સ્થાનેથી...

દ્રષ્ટિના વિષય સંબંધી ઘણી ચર્ચા થઈ છે- પૂ. ગુરુદેવશ્રીના સમયમાં અને ત્યાર પછી પણ આ વિષયની વિદ્વાનોમાં પણ ખૂબ ચર્ચા ચાલી રહી છે.

અમેરિકા સ્થિત રજનીભાઈ ગોસલીયાની ઘણી ઈચ્છા હતી કે આપણે દેવલાલીમાં એક શિબિર યોજી ફક્ત આ વિષય પર વિદ્વાનો ચર્ચા કરે- ખુલાસા કરે. તેના ફળ સ્વરૂપ પં. શ્રી અભયકુમાર, પં.શ્રી હેમચંદજી, શ્રી ચેતનભાઈ (રાજકોટ), શ્રી ભરતભાઈ શેઠ (રાજકોટ), પં. શ્રી રાકેશજી શાસ્ત્રી (નાગપુર), શ્રી રમણિકભાઈ સાવલા (દેવલાલી) જેઓ આ વિષયના ખાસ અભ્યાસી છે - તેમના નેતૃત્વ નીચે ફેબ્રુઆરી માં પાંચ દિવસીય શિબિર યાજેવામાં આવેલ.

વિષય ઘણો ગંભીર હોવાથી આ અંક તેના વિશેષાંકરૂપે બહાર પાડવો તેવી બધાની ઈચ્છા હોવાથી ગુરુપ્રસાદના સભ્યોને લાભ મળે તે હેતુથી આ અંક બહાર પાડવામાં આવેલ છે- આવીજ બીજી શિબિર આવતા વર્ષે યોજવાનું નકકી કરેલ છે, જે યથા સમયે જણાવીશું.

**ઘેર બેઠા દેવલાલી દર્શન-પ્રવચનોનો લાભ- ઈન્ટરનેટ દ્વારા**

દેવલાલી મધ્યે બિરાજમાન વીતરાગી ભગવંતોનાં દર્શન તેમજ પ્રવચનો-પ્રોગામો ઈન્ટરનેટ દ્વારા લાઈવ ટેલીકાસ્ટ નીચેની વેબસાઈટ ઉપર જોવા/સાંભળવા મળશે.

**www.guruprasaddevlali.com.** (*user Id :* **cctv**) (*Password :* **cctv**)

# ગુરુપ્રસાદ વિશેષાંક - દ્રષ્ટિનો વિષય

**અહો! ઉપકાર જિનવરનો કુંદનો ધ્વનિ દિવ્યનો,**

**જિન કુંદ ધ્વનિ આપ્યાં, અહો! તે ગુરુ કહાનનો.**

'દ્રષ્ટિનો વિષય' એ યુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ મુમુક્ષુ સમાજને આપેલી સર્વોત્કૃષ્ટ ભેટ છે. 45-45 વર્ષો સુધી સર્વ આગમના સારભૂત એવા આ વિષય પર તેઓશ્રીએ પ્રવચનોની ગંગા વહેવડાવીને આપણા સૌ પર અનંત ઉપકાર કર્યો છે. આત્મપ્રાપ્તિના ઈચ્છુક દરેક મુમુક્ષુએ આ વિષયને સર્વાંગ રીતે સમજીને, તેનો સાચો અને પાકો નિર્ણય કરવો અત્યંત આવશ્યક તેમ જ અનિવાર્ય છે આમ આ વિષયો પ્રત્યેક આત્માર્થીને માટે અત્યંત પ્રયોજનભૂત છે.

જિનાગમના આ સર્વાધિક મહત્ત્વપૂર્ણ વિષય પર અનેક સમીચીન વિદ્વાનો સાથે મુમુક્ષુઓનો સમૂહ સ્વાધ્યાય થાય, અનેક દ્રષ્ટિકોણોથી તેની ચર્ચા કરીને સ્પષ્ટીકરણ થાય એવી ભાવનાથી પ્રેરાઈને, 'દ્રષ્ટિ કા વિષય ઔર ભેદજ્ઞાન કી પ્રયોગ વિધિ' એ વિષય પર યોજવામાં આવેલી પાંચ દિવસની એક શિબિર 10થી 14 ફેબ્રુઆરી 2012 દરમિયાન લગભગ 250 શિબિરાર્થીઓની હાજરીમાં સાનંદ સંપન્ન થઈ.

શ્રી અનંતરાય શેઠ, મુંબઈ તથા શ્રી રમેશચંદ્ર સાંગાણી, મુંબઈ અતિથિ વિશેષ તરીકે આ શિબિરમાં હાજર હતા.

આ પ્રસંગ માટે ખાસ તૈયાર કરવામાં આવેલા ફોલ્ડર તથા 'દ્રષ્ટિનો વિષય- એક પાઠ્યપુસ્તક'નું વિતરણ શિબિરની શરૂઆત પહેલાં દરેક શિબિરાર્થીને કરવામાં આવ્યું હતું.

અગાઉથી નિશ્ચિત કરાયેલા 'સમયપત્રક' અનુસાર 'દ્રષ્ટિના વિષય'ને લગતા વિધવિધ વિષયો પર નીચે જણાવેલ વિદ્વાનોએ તેમની દ્ર -શૈલીમાં પ્રવચનો આપીને શ્રોતાઓ સાથે માર્મિક ચર્ચાઓ પણ કરી હતી.

| | |
|---|---|
| 1. પં. અભયકુમાર જૈન-દેવલાલી | **''शुद्धातम का लो आधार, कहने की विधियाँ हैं चार** |
| 2. ભરતભાઈ શેઠ - રાજકોટ | ''શુદ્ધનયનો વિષયદ્ર |
| 3. ચેતનભાઈ મહેતા - રાજકોટ | ''શ્રી સમયસાર ગાથા 17-18'' |
| 4. પં. બ્ર હેમચંદ્ર જૈન - દેવલાલી | ''દ્રષ્ટિનો વિષય-એક પાઠ્ય પુસ્તક'' |
| 5. પં. રાકેશ શાસ્ત્રી - નાગપૂર | ''શ્રી સમયસાર ગાથા 13'' |
| 6. રમણીકભાઈ સાવલા - દેવલાલી | ''પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃતોમાંથી સ્વાનુભૂતિના પાંચ બોલ.'' |

દરેક દિવસના અંતે યોજવામાં આવેલી એક કલાકની 'જ્ઞાનગોષ્ટિ' દરમિયાન પહેલી પંદર મિનિટ વક્તાઓએ તે દિવસે ચાલેલા વિષયો પર શ્રોતાઓને પ્રશ્નો પૂછ્યા અને બાકીના સમયમાં શ્રોતાઓ દ્વારા લિખિતરૂ પૂછાયેલા પ્રશ્નોના ઉત્તર વિદ્વાનોએ આપ્યા. શ્રોતાઓ દ્વારા કરવામાં આવેલા પ્રશ્નોની ગુણવત્તાનું ધોરણ ઘણું ઊંચું હતું. બધી જ્ઞાનગોષ્ટિઓનું સંચાલન અમેરિકાથી પધારેલા મુમુક્ષુ ભાઈ-બહેનોએ કર્યું હતું, તેમ જ 'દ્રષ્ટિનો વિષય - એક પાઠ્ય પુસ્તક'માંથી પ્રશ્નોત્તરો પણ કરાવ્યા હતા.

સવાર, બપોર અને સાંજના દરેક કાર્યક્રમ પહેલાં દસ મિનિટ માટે દેશ-વિદેશથી આવેલા મુમુક્ષુ ભાઈ-બહેનોએ દેવ શાસ્ત્ર ગુરુભક્તિ તથા આધ્યાત્મિક ભજનોનું શ્રોતાઓને રસપાન કરાવ્યું હતું.

શિબિરમાં થયેલા પ્રવચનો તથા જ્ઞાનગોષ્ટિને ધ્વનિમુદ્રિત કરીને તેમને વિષયાનુસાર ફરીથી ગોઠવીને 27 કલાકની એક ડીવીડી પણ મુમુક્ષુઓના લાભાર્થે બનાવવામાં આવી છે.

જે જે વિષયો પર આ શિબિરમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી, તે તે વિષયો પરના લેખ અથવા તેમનું સંક્ષિપ્ત વિવેચન આ વિશેષાંકમાં સંપાદિત કરવામાં આવ્યું છે. આશા છે કે જે મુમુક્ષુઓ આ શિબિરમાં ભાગ લઈ શક્યા નહોતા તેઓને આ વિશેષાંક તથા ડીવીડી દ્વારા શિબિરમાં થયેલી ગતિવિધિઓનો ઘણો પરિચય મળી શકશે. જેઓએ આ શિબિરમાં ભાગ લીધો હતો તેઓને પણ તે વિષયોની વધુ સમજણ અને નિર્ણયમાં દૃઢતા લાવવા માટે આ વિશેષાંક ઉપયોગી બનશે.

પ્રયોજનભૂત વિષયોની પસંદગી કરવી, સમીચીત વિદ્વાનોનો સંપર્ક સાધવો. શિબિરની બધી જ ગતિવિધિઓને લક્ષમાં રાખીને કુશળતા તથા કાળજીપૂર્વક 'સમયપત્રક' બનાવવું અને દરેક શિબિરાર્થીને અત્યંત ઉપયોગી થાય એવું ફોલ્ડર અગાઉથી તૈયાર કરવું આદી અનેક કાર્યો સહિત આ શિબિરનું સંપૂર્ણ આયોજન MUMUKSHU OF NORTH AMERICA (MONA) દ્વારા કરવામાં આવ્યું હતું. આ માટે 'મોના'ના સર્વ કાર્યકરો ધન્યવાદને પાત્ર છે.

'મોના' દ્વારા ભવિષ્યમાં પણ આવા સુંદર શિબિરોનું આયોજન આવી જ સુવ્યવસ્થિત રીતે થતું રહે એવી અનેક મુમુક્ષુઓએ પ્રદર્શીત કરેલી ભાવના સાકાર બને અને દેવલાલી સંકુલનું નૈસર્ગિક વાતાવરણ કુંદકુંદ-કહાન તત્ત્વજ્ઞાનની ધર્મચર્ચાઓ વડે સદાય ગૂંજતું રહે એ જ અભ્યર્થના!

અસ્તુ!

**- રજનીભાઈ ગોસલિયા**

*વોશિંગ્ટન*

# सम्पादकीय

आध्यात्मिक सत्पुरुष पूज्य गुरुदेव श्री कानजीस्वामी के प्रभावना योग में सम्पन्न आध्यात्मिक क्रान्ति में उनके द्वारा प्रदत्त 'द्रष्टि का विषय' इस भरत क्षेत्र में विदेह में प्रवाहित दिव्य ध्वनि का सहज अनुमान करा देता है।

निर्मल स्वानुभूति सम्पूर्ण जिनागम का सार है तथा द्रष्टि का विषय समझना उस सार को प्राप्त करने की दिशा में प्रथम साधन है। इस भोगाक्रान्त काल में जिनागम के स्वाध्याय की रुचि चिन्तामणि की प्राप्ति समान अति दुर्लम है। महान सौभाग्य से यदि यह रुचि उत्पन्न भी हो जाए तो भी द्रष्टि का विषय पाने की द्रष्टि होना महादुर्लभ है। ग्यारह अंग नौ पूर्व को ज्ञान की मोक्षमार्ग में अकिञ्चित करता कारण इस विषय को न समझपाना ही है।

सकल निरावरण प्रत्यक्ष प्रतिभास मय अखण्ड एक शुद्धात्मा जिसे कारण परमात्मा कारण समयसार आदि अनेक नामों से कहा गया है- यही द्रष्टि का दृश्य अर्थात श्रद्धा का श्रद्धेय ज्ञान का ज्ञेय ओर ध्यान का ध्येय है। यह प्रकरण पूज्य गुरुदेवश्री के श्रीमुख से प्रवाहित देशना का मुख्य केन्द्र बिन्दु है।

इस मार्मिक प्रकरण पर पूज्य गुरुदेवश्री द्वारा घनघोर स्पष्टीकरण किया गया, फिर भी स्वाध्याय सभाओ में इस विषय पर चर्चा करते समय अपूर्वता ही भासित होती है। कहीं कहीं आज भी इस विषय में संशय और विपर्यय के ग्रहण भी लगे हुए दिखते है, तो भी यह विषय सूर्य के समान उत्पन्न निर्मल और स्पष्ट प्रकाशमान है।

इस प्रकरण पर परस्पर चर्चा के माध्यम से स्वाध्याय प्रेमियों का विशेष ध्यान आकर्षित हो, इसके प्रति रस दाढ़ते बढ़ते विषय और द्रष्टि एकाकार हो जाये इस पुनीत उदेश्य से कहाननगर, देवलाली के प्रांगण में १० फरवरी से १४ फरवरी २०१२ तक ''द्रष्टि का विषय और भेदज्ञान के प्रयोग विधि'' विषय पर शिबिर आयोजित किया गया जो उपस्थित जन समुदाय को उत्पन्न रुचिकर रहा।

शिबिर में आमन्त्रित विद्वानों के चिन्तन का लाभ सारे समाज को मिले इस पुनीत उद्देश्य से यह विशेषांक, प्रकाशित किया जा रहा है।

शिबिर में प्रवाहित अध्यात्म गंगा का विस्तृत चित्रण शिबिर के संयोजक श्री रजनीभाई गोसलिया वाशिंगटन द्वारा 'संयोजक की कलम से' में किया गया है।

आशा है सुधी पाठक इस अद्वितीय प्रयास से लाभान्वित होगी तथा अपने बहुमूल्य सुझावों से अवगत करायैगी।

– अभयकुमार जैन, *देवलाली*

# ''દૃષ્ટિનો વિષય બને ભેદજ્ઞાનની પ્રક્રિયા ને પ્રયોગ''

*... भगवान आत्मा आबाल-गोपाल सबको सदाकाल स्वयं ही सदा अनुभव मे आने पर भी... १७-१८ की आत्मख्याति टीका में समागत यह पंक्ति आत्मानुभूति के प्रयोग का रहस्योद्‌घाटन करती है। श्री चेतनभाई मेहता (राजकोट) प्रस्तुत कर रहे हैं इसमें छिपी हुई प्रयोग विधि*

ભગવાન શ્રી મહાવીર પરમાત્માના શાસનમાં કળિકાળ સર્વજ્ઞ એવા શ્રી કુંદકુંદઆચાર્યદેવ બે હજાર વર્ષ પૂર્વે થયા. તેઓએ સદેહે મહાવિદેહક્ષેત્રમાં જઈ સીમંધર પરમાત્માની સાક્ષાત્ દિવ્યદેશનાનું આઠ દિવસ રસપાન કરી ત્યાંથી ભરતક્ષેત્રમાં પરત આવી અને પંચ પરમાગમોની રચના કરી, તેમાંનું સર્વોત્કૃષ્ટ આ સમયસારજી શાસ્ત્ર કે જેની ટીકા હાલતા-ચાલતા સિદ્ધ એવા શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે કરી. અને તેમાં રહેલાં ભાવોનું સ્પષ્ટીકરણ આપણા સૌના ધર્મ પિતા એવા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ કર્યું. તેઓના હાથમાં સમયસારજી શાસ્ત્ર આવતાં જ તેમનું હૃદયમ પોકારી ઉઠયું કે આ તો 'અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ શાસ્ત્ર હાથમાં આવતાં જ પૂ. ગુરુદેવશ્રીને અલ્પકાળમાં સ્વસંવેદનરૂપ સ્વાનુભૂતિનો જન્મ થયો.

સમયસારજી શાસ્ત્રની ૧૭-૧૮ ગાથાની ટીકા ત્રણ પેરેગ્રાફમાં સમાવિષ્ટ થયેલી છે. આ ગાથામાં આચાર્ય ભગવાન ફરમાવે છે કે જેમ કોઈ ધનનો અર્થી પુરુષ પ્રથમમાં પ્રથમ રાજાની શોધ કરે એટલે કે જાણે કે રાજા કયા ગામમાં રહે છે, તેમાં તેનું ક્ષેત્ર કયુ છે, તેની અવર જવરનો કાળ શું છે તથા તેનું લક્ષણ શું છે? તેમ મોક્ષાર્થી પુરુષ કે જે માત્ર મોક્ષનો જ અભિલાષી છે જેને બીજું કાંઈ જ જોઈતું નથી તેણે પ્રથમમાં પ્રથમ આત્માને જાણવો કે જે ઉપાદેયભૂતતત્ત્વ, ધ્યાનનું ધ્યેય, શ્રદ્ધાનું શ્રદ્ધેય ને જ્ઞાનનું વાસ્તવિક જ્ઞેય છે. જ્યાં જ્યા જ્ઞાના દર્શન છે ત્યાં ત્યાં જાણવું દેખવું વર્તે જ છે. તેવા જીવનું વાસ્તવિક ધ્રુવસ્વરૂપ કેવું છે તેનો પરિચય કરીને તે ધ્રુવ સ્વરૂપ અંદરમાં કેવું છે તે જાણવું અત્યંત જરૂરી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ બેંગ્લોર મંદિરની પ્રતિષ્ઠા વખતે ત્રણ દિવસ સુધી ફક્ત ''પ્રથમ આત્માને જાણવો'' આ વાક્ય ઉપર જ પ્રવચનો ચલાવેલા. જીવનું આજીવન મનુષ્યગતિનું એકમાત્ર કર્તવ્ય હોય તો તે પ્રથમમાં પ્રથમ આત્માને જાણવો તે જ છે. આ ગાથામાં માત્ર અસ્તિથી જ વાત લીધી છે નાસ્તિને યાદ કરી નથી.

હવે પ્રથમમાં પ્રથમ મુખ્યપણે આત્મા જાણનાર છે કરનાર નથી, એ આ ગાથામાં કહેવું છે. કોઈ પણ ક્રિયાનો કરનાર એટલે કે પર્યાયમાં ચાલતી જાણનક્રિયાનો પણ આત્મા કરનાર નથી, માત્ર જાણનાર છે અને તે જાણનક્રિયામાં આબાળગોપાળ સૌને અનુભૂતિસ્વરૂપ-જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા અનુભવમાં આવી રહ્યો છે તે આ ગાથાની વિષય વસ્તુ છે.

હવે આત્માની અંદર શું છે તે જાણવાથી તેનો મહિમા આવે છે. આત્મા જ્ઞાન અને સુખમય અનંતગુણાત્મક અભેદ, એકરૂપ, અખંડ, અપરિણામી,

શાશ્વત, નિત્યનિરાવરણ એવો પરમપારિણામિકભાવ લક્ષણે લક્ષિત ધ્રુવ આત્મા વર્તમાનમાં શુદ્ધપણે બિરાજમાન છે. દ્રવ્યે નિર્વિકલ્પ વસ્તુ, ક્ષેત્રે અસંખ્ય પ્રદેશી, કાળે અનાદિઅનંત અને ભાવે અનંત ગુણસ્વરૂપ તેવો અભેદ સ્વભાવ છે. તેના અસંખ્યપ્રદેશમાં એક એક પ્રદેશે અનંત ગુણો પોતપોતાનું આગવું સ્વતંત્ર લક્ષણ લઈને પથરાયેલાં છે, તેવી નિર્વિકલ્પ વસ્તુ છે. એક પ્રદેશે એક ગુણ અને બીજા પ્રદેશે બીજો ગુણ તેમ નથી. પ્રત્યેક પ્રદેશે અનંતગુણો તથા તેની કારણશુદ્ધપર્યાય પણ ગર્ભિતપણે પથરાયેલી છે તેવો આત્મા માત્ર જાણનાર-દેખનાર અકર્તા સ્વભાવી છે.

પૂજ્ય ગુરુદેવશ્રીઓ ૩૨૦ ગાથાના તારીખ ૨૦-૮-૭૦ ના પ્રવચનમાં આત્માના ધ્રુવ માને એક ધ્રુવસામાન્ય ને એક ધ્રુવવિશેષ એવા બે ભેદ પાડીને ધ્રુવની અત્યંત સૂક્ષ્મ, ગંભીર ને પ્રયોજનભૂત વાત કરેલી છે. આ પ્રવચનો 'ધ્યેયપૂર્વકજ્ઞેય' પુસ્તકમાં છપાયેલા છે. વસ્તુ તો અભેદ છે છતાં ધ્રુવમાં જ એવું એક ત્રિકાળ જ્ઞાન અને ત્રિકાળ દર્શન છે કે જે આખા કારણ સમયસારને જાણે છે. કારણ સમયસારને જાણનારું જ્ઞાન એમાં ત્રિકાળ પડેલું છે. ધ્રુવ ધ્રુવને જાણે દેખે એવું ત્રિકાળજ્ઞાન અને ત્રિકાળદર્શન સ્વભાવથી જ તેમાં રહેલા છે. કારણ સ્વભાવજ્ઞાન ને કારણ સ્વભાવદર્શન એવા અંદરમાં ધ્રુવમાં છે કે જે પોતાને જ પૂરણ જાણે દેખે. તે સ્વભાવમાં પોતાના દ્રવ્યગુણ ને અનંતગુણની અનંત કારણશુદ્ધપર્યાયનું જાણવું દેખવું વર્તમાનમાં નિષ્ક્રિયપણે વર્તી રહ્યું છે. આવો જ તેનો ત્રિકાળ સ્વભાવ છે. ચારેય ગતિના જીવોનું ધ્રુવસ્વરૂપ આવું છે. વર્તમાનમાં આવો જ તેનો ત્રિકાળ સ્વભાવ ધ્રુવ ધ્રુવને જાણે એવો વર્તી રહ્યો છે. સ્વભાવવાન છે તે શક્તિરૂપે અંદર રહેલો છે અને સ્વભાવ છે જાણવા દેખવાનો તે આવા શક્તિરૂપ સ્વભાવવાનને નિષ્ક્રિયપણે જાણી દેખી રહ્યો છે. ત્રિકાળજ્ઞાન ધ્રુવ છે તે અંદરમાં ધ્રુવને બરાબર જાણે છે. આવા સ્વભાવની ચર્ચા પૂ. ગુરુદેવશ્રીએ આમાં કરેલી છે.

આ વાત સાંભળતા જ શ્રોતાને પ્રશ્ન ઊઠે છે કે આ જ્ઞાન તો શક્તિરૂપે છે ને? ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રી જવાબ આપે છે કે શક્તિરૂપ તો છે પણ આવો જાણવાનો સ્વભાવ અંદર પડ્યો છે. ધ્રુવમાં ને ધ્રુવમાં જ આવા બે ભેદ છે. આ ચર્ચા વર્તમાન પર્યાયની નથી, માત્ર ધ્રુવની જ છે. આવું જાણવું દેખવું સ્વભાવભૂત ત્રિકાળીમાં ત્રિકાળ પડેલું છે. આવું જાણવું દેખવું અનાદિ અનંત ધ્રુવમાં ધ્રુવપણે વર્તી જ રહ્યું છે. આત્માનો સ્વભાવ જ્ઞાન અને જ્ઞાનનો સ્વભાવ નિરંતર આત્માને જાણવું. ધ્રુવમાં પણ ધ્રુવનું જ જાણવું આવો ધ્રુવપ્રવાહ અંદરમાં નિષ્ક્રિયપણે વર્તી રહ્યો છે.

તે ત્રિકાળ ધ્રુવ પ્રવાહ અંદરમાં જે ધ્રુવમાં ધ્રુવનું જાણવું દેખવું, એવો સ્વભાવ વર્તમાન વર્તે છે ત્યાંથી જ તેવું જ જાણવું દેખવું લઈને વહેતો વહેતો પ્રવાહ અંશરૂપે ક્રિયાશીલ ઉપયોગમાં આવે છે. અંદરમાં જે જ્ઞાનનો ધ્રુવ પ્રવાહ છે તેની જ જ્ઞાન સરવાણી વર્તમાન પ્રગટ ઉપયોગમાં આવે છે તેથી જે અંદરમાં સ્વભાવવાન અનંતગુણાત્મક શક્તિવાન આખા ધ્રુવનું જાણવું દેખવું ચાલુ છે તેવું જ વર્તમાન ઉપયોગમાં ત્યાંથી અંદરનું જાણવું દેખવું અંશરૂપે આવતું હોવાથી વર્તમાન ક્રિયાશીલ ઉપયોગમાં પણ આત્માનું જ જાણવું દેખવું વર્તી રહ્યું છે એટલે કે આબાળગોપાળ સૌને અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા સ્વયં પોતે જ જાણનક્રિયામાં અનુભવમાં એટલે કે જાણવામાં આવી

રહ્યો છે. જાણનારો જ જણાય રહ્યો છે.

આવા જ સ્વભાવની વાત પૂ. ગુરુદેવશ્રીએ બહેનશ્રીના વચનામૃતના બોલ નં. ૧૦૫ ના ૩૭ નંબરનાં પ્રવચનમાં પણ બે પ્રકારના આત્માના જ્ઞાન લક્ષણ બતાવીને કરી છે. એક આત્માનું ત્રિકાળજ્ઞાન લક્ષણ ને આત્મા લક્ષ અને આવા લક્ષલક્ષણને, ધ્રુવને ઓળખી જાણી કોણ શકે? વર્તમાન જ્ઞાન ઉપયોગ કે જેમાં આબાળગોપાળ સૌને અનુભૂતિ સ્વરૂપ ભગવાનઆત્મા અનુભવમાં આવી રહ્યો છે. તે તેનું ખરું લક્ષણ છે કે જેના દ્વારા આત્મા ઓળખાય તેમાં વેદન આવે.

જે જીવને મહિમાપૂર્વક ત્રિકાળી દ્રવ્યના અંદરના સ્વરૂપ ને સ્વભાવનો તથા વર્તમાન ઉપયોગમાં પણ ત્રિકાળી દ્રવ્ય જ જાણવામાં આવી રહ્યું છે તેવો ખ્યાલ આવી જાય તો વર્તમાન પર્યાયમાં જે પુરુષાર્થના નામે પર્યાયને વાળવાનું ને ફેરવવાનું જે અનંતુ કર્તુત્વ ચાલે છે તે ક્ષણવારમાં છૂટી જાય ને અકર્તા સ્વભાવ દૃષ્ટિગોચર થઈ જાય. આવા સ્વરૂપ ને સ્વભાવને યથાર્થપણે જાણવું સમજવું ને તેનો યથાર્થ નિર્ણય કરવો તેમાં અનંતો પુરુષાર્થ જીવને શા માટે લાગે છે? કારણ કે બાહ્ય ક્ષયોપશમજ્ઞાનમાં જીવે એટલો બધો બહિર્લક્ષી જ્ઞાનનો વ્યાપર વિસ્તારી દીધો છે કે તેને ત્યાંથી પોતાના જ્ઞાનને સંકેલવું જ મુશ્કેલ થાય છે તેથી આવા સ્વભાવ સુધી ન પહોંચતા તેને આ વાત કઠિન લાગે છે. પ્રથમમાં પ્રથમ આ વાતનો નિર્ણય કરીને જો જીવ આગળ વધે તો માર્ગ ખૂબ જ સરળતાથી પ્રાપ્ત થઈ શકે તેવું છે. કરણ કે આવો સ્વભાવ તો વિદ્યમાન જ છે.

ઉપયોગમાં ઉપયોગવાન જ બિરાજમાન છે તેમાં ક્રોધાદિ આસ્રવ નથી. ઉપયોગ સ્વભાવનો અંશ છે તેમાં ઉપયોગવાન અંશી જ રહેલો છે. ઉપયોગ અંશીનો અંશ હોવાથી તેમાં અંશી જ રહેલો છે. સ્વભાવનો અંશ સ્વભાવવાનને ઉદીત કરતો જ ઉત્પાદ પામીને વ્યય થાય છે. તે વર્તમાન જ્ઞાનક્રિયાનું સ્વરૂપ જ એવું છે કે તે નિષ્ક્રિયને પ્રત્યેક સમયે જાણીને જ વ્યય પામે.

સ્વભાવવાન તો ધ્યેયભૂત અભેદ અનંતગુણાત્મક પરમપારિણામિકભાવ લક્ષણે લક્ષિત અનાદિ અનંત છે ને વર્તમાન પ્રગટ થતો અંશ તે પણ અનાદિઅનંત જ્ઞેયભૂત અભેદપણે ઉપયોગ લક્ષણે લક્ષિત રહેલો છે. આવા ધ્યેયભૂત અભેદ ને જ્ઞેયભૂત અભેદનો નિર્ણય જીવને એક સમયમાં એક સાથે આવે છે, કે ભગવાન આત્મા ધ્રુવ છે ને તે આબાળગોપાળ સૌને અનુભવમાં એટલે કે વર્તમાન ઉપયોગમાં જાણવામાં આવી રહ્યો છે. જ્યાં સુધી હું જાણનાર છું ને મને જાણનારો જ જણાય રહ્યો છે તેમ જાણતો નથી ત્યાં સુધી પરોક્ષ અનુભૂતિ પણ થતી નથી. સ્વભાવ આવો હોવા છતાં તેની દૃષ્ટિ ત્યાં નથી તે તો દૃષ્ટિનો દોષ છે. દૃષ્ટિ ન હોવાથી અંશ અંશીનું સ્વરૂપ બદલભાઈ જતું નથી. આવો નિર્ણય થતાં પરોક્ષ અનુભૂતિનો જન્મ થાય છે. જે સમયે આવા સ્વભાવની યથાર્થ સમજણપૂર્વક જ્ઞાનમાં આ અનુભૂતિ છે તે જ હું છું એટલે કે શદ્ધાત્મા જ હું છું તેમ દૃષ્ટિ ત્રિકાળીદ્રવ્ય ઉપર અહમ્ કરતી સ્થપાય છે તે જ સમયે પ્રગટ થતાં ઉપયોગમાં જે પરોક્ષ અનુભૂતિ હતી તે સ્વસંદેવનપૂર્વક પ્રત્યક્ષ અનુભૂતિમાં બદલાઈને સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગની ઉત્પત્તિ થાય છે, ત્યારે તેને ધ્યેયપૂર્વક જ્ઞેય એક જ સમયમાં થયું તેમ કહેવામાં આવે છે. જીવને બહિર્લક્ષી પર્યાયમાં

થતા રાગદ્વેષના પરિણામનો તો સ્વીકાર આવે છે પણ આ જ્ઞાન પરિણામમાં આત્મા પ્રતિષ્ઠિત છે તેવો સ્વીકાર આવતો નથી તેથી આ તરફ નિરંતર પુરુષાર્થ ચાલતો ન હોવાથી છતો પદાર્થ અછતો થઈ જાય છે.

આમાં ખરેખર તો આત્માના મહિમાનું જ કામ છે. જ્ઞાનનો સ્વભાવ જ ઉર્ધ્વતા છે. આત્મા જાણનાર છે. કોઈપણ જાણનાર કયારેય પણ કોઈ વખતે કોઈ સમયે પોતાના અવિદ્યમાનપણે જાણે એમ બનવા યોગ્ય જ નથી તેથી જાણનારની જ મહિમા છે. પોતાની વિદ્યમાનતા વગર જાણે કોણ? માટે પ્રથમ જ પોતાની વિદ્યમાનતા સિદ્ધ થાય છે ને તેમાં જ્ઞાન જ પ્રથમ કારણ છે. જાણવું જાણવું જાણવું તે જ કારણ છે. જીવ પાસે શું નથી? અનંત શક્તિઓ છે તેમાંથી ૪૭ શક્તિ તો શ્રી અમૃતચંદ્રાચાર્યએ વર્ણવી છે ને પૂ. ગુરુદેવશ્રીએ પોતાના આત્મમંથનમાંથી ૫૪ શક્તિઓ કાઢી છે. આવા શક્તિવાન આત્માને પ્રથમમાં પ્રથમ જાણવો તેવું આચાર્ય ભગવાનનું વચન છે. જ્યાં આવા શક્તિઓથી ભરેલા શક્તિવાનનો મહિમા આવે છે ત્યાં જ રુચિ પલટાઈને દૃષ્ટિ દ્રવ્ય ઉપર ચાલી જાય છે.

ખરેખર તો આત્માનુભૂતિ તે જ તેના પ્રાણ છે પણ આત્માનુભૂતિ સ્વભાવની યથાર્થ સમજણપૂર્વક થાય છે. પરંતુ જીવનો પ્રયાસ ને પ્રયોગ હંમેશા પર્યાયને ફેરવવાનો જ ચાલ્યા કરે છે. તેને પર્યાયની સમજણ એવી નથી કે પર્યાયો ક્રમબદ્ધ છે તેની યોગ્યતા અનુસાર પ્રગટે છે. જે પર્યાયો થઈ ગઈ તે ભૂતકાળની યોગ્યતારૂપે પારિણામિકભાવે ગુણમાં પડેલી છે ને ભવિષ્યની જે પર્યાયો થવાની છે તે પણ પારિણામિકભાવે શક્તિરૂપ યોગ્યતા લઈને ગુણમાં રહેલી છે. હવે માત્ર વર્તમાન પર્યાય પ્રગટ છે કે જે ત્રિકાળી દ્રવ્યમાં નથી પણ ત્રિકાળીનો નિર્ણય કરવા માટે બહાર છે અને તે જ ત્રિકાળીનો નિર્ણય કરે છે. તે પર્યાય પણ સમયવર્તી છે તે જ્ઞાન પર્યાયનું કાર્ય જ માત્ર સ્વભાવનો નિર્ણય કરવાનું છે.

વર્તમાન પર્યાય પ્રગટ થવાનું શક્તિરૂપ સત્ત્વ તો દ્રવ્યમાં પડેલું છે ત્યાં સુધી તો તે પર્યાય નથી, ગુણ છે અને જ્યારે ઉત્પાદ ગુણમાંથી સત્‌રૂપે થાય છે ત્યારે તો ખરેખર તેનું નામ પર્યાય પડે છે. જે પર્યાયનો સ્વકાળ હોય તે પર્યાય તેના ક્રમે નિમિત્તથી નિરપેક્ષ ઉત્પાદ પામે છે. આ પર્યાય એક સમય માટે ઉત્પાદરૂપ ક્રિયા કરી ને બીજે સમયે વ્યય થઈ ભૂતકાળની યોગ્યતારૂપે પારિણામિકભાવે જે તે ગુણની પર્યાય તે જ ગુણમાં ગુણ તરીકે સમાય જાય છે. જે પર્યાય જે ગુણની પ્રગટ થાય તે જ ગુણમાં તેનું સત્‌પણું સત્વરૂપે રહેલું હોઈ વિલિન થઈને તે જ ગુણમાં સમાય છે. તે સત્ત્વમાંથી જ સત્‌રૂપ ઉત્પાદ્ થાય છે આવું ઉત્પાદ્‌વ્યયધ્રુવયુક્તમ્‌સત્ તો અનાદિનું છે તે સ્વયં સંચાલિત છે. તેમાં તેને કાંઈ પુરુષાર્થ તો કરવાનો છે નહીં. આવો જે જ્ઞાનનો ઉત્પાદ, ક્રિયાશીલ ઉપયોગમાં થાય તેમાં તેણે વર્તમાનમાં નિર્ણય કરવાનો છે કે ત્રિકાળી દ્રવ્ય જ હું છું ને તે દ્રવ્ય મને મારા જ્ઞાન ઉપયોગમાં જાણવામાં આવી રહ્યું છે. મારા સ્વભાવમાં મારો સ્વભાવવાન જ જાણવામાં આવી રહ્યો છે. મારું દ્રવ્ય જ મારા જ્ઞાનમાં જણાય રહ્યું છે ને હું તો માત્ર જાણનાર છું તેમ જાણપણું કરવું તેનું નામ યથાર્થ નિર્ણય છે. આવા નિર્ણયપૂર્વક દૃષ્ટિ જ્ઞાયકમાં અહમ્ કરતા અનુભૂતિનો જન્મ થાય છે. પ્રથમમાં પ્રથમ

આત્માને જાણવો તે અનુભૂતિથી સાર્થક થાય છે. પ્રથમ પણ આત્માને જ જાણવો ને તેને જાણતા રહેતા જ મોક્ષમાર્ગપૂર્વક મોક્ષની ઉત્પત્તિ થાય છે.

આ ગાથાના બીજા પેરેગ્રાફમાં જીવની વર્તમાન સ્થિતિનું જ્ઞાન કરાવી આત્માને અનેક પર્યાયરૂપ ભેદભાવો-વિકલ્પો સાથે મિશ્રિતપણું હોવા છતાં પણ સર્વ પ્રકારે ભેદજ્ઞાનની પ્રવિણતા બતાવતા આચાર્ય ભગવાન ફરમાવે છે કે વર્તમાન એક સમયની પર્યાયમાં બહિર્લક્ષે ચારિત્રની વિપરીતતામાં રાગદ્વેષના પરિણામ તથા તેને મારા માનવાપણાનું મિથ્યાત્વ આ ભાવો વર્તમાન પોતાના સ્વભાવનું જ્ઞાન ન હોવાથી એટલે કે અજ્ઞાનનું નિમિત્ત પામીને ઉત્પન્ન થાય છે. પર સાથે કાંઈ સંબંધ નથી, આવો વિભાવ એક સમયની પર્યાયમાં વર્તતો હોવા છતાં સ્વભાવમાં તેનો સર્વથા અભાવ છે.

એક બાજુ આત્મા છે અને બીજી તરફ પર્યાયનું પરિણમન છે. મિશ્રિતપણું તે શબ્દ જ ખરેખર બંનેની જુદાઈ બતાવે છે. આત્મા રાગ સાથે કદી મિશ્રિત થઈ શકતો નથી. જો એક સમય માટે પણ મિશ્રિત થઈ જાય તો કદી તેની રાગથી જુદાઈ જ ન થઈ શકે. રાગરૂપ-વિકલ્પરૂપ હું થઈ ગયો છું તેવું જીવે માન્યું છે તેવું થયું નથી. વિકલ્પો સાથે એકત્વબુદ્ધિ કરીને માની રાખ્યું છે કે હું ભાવકનો ભાવ છું, હું જ્ઞેયનો ભાવ છું પણ હું જ્ઞાયકભાવ છું તેવું જ્ઞાન શ્રદ્ધાન તેને થતું નથી. રાગના પરિણમનમાં ઈન્દ્રિયજ્ઞાનથી ખંડખંડ થઈને તેની પ્રસિદ્ધિ કરીને મિશ્રિત ભાવરૂપ જ પ્રતિસમય વર્તે છે. હું રાગરૂપ ને વિકલ્પરૂપ થઈ ગયો તેવું અજ્ઞાન એક સમયની પર્યાયમાં બહિર્લક્ષે ચાલે છે. આ જ સમયે ઉપયોગનું પરિણમન તો ચાલે જ છે કે જેમાં અનુભૂતિ સ્વરૂપ ભગવાનઆત્મા આબાળગોપાળ સૌને અનુભવમાં આવી રહ્યો છે.

આવું અજ્ઞાન પર્યાયમાં સમયવર્તી છે. અનાદિનું અજ્ઞાન છે તો અંદરમાં અજ્ઞાનનો કોઈ સ્ટોક નથી. અંદરમાં તો જ્ઞાનની ખાણ છે. સમયે સમયે જીવ પોતાના સ્વરૂપને ભૂલી રાગ-વિકલ્પને પોતાપણે જાણી માનીને નવું નવું અજ્ઞાન પોતાની પ્રજ્ઞાના દોષથી ઊભું કરે છે. બીજે સમયે દરેક જીવ સ્વતંત્ર છે, અંદરથી અજ્ઞાન આવતું નથી. જ્યાં તેને ખ્યાલ આવે છે કે મારા જ્ઞાયકમાંથી તો જ્ઞાન જ પ્રગટ થાય છે અને તે જ્ઞાનમાં તો જ્ઞાયક જ જણાય રહ્યો છે ત્યાં તેની નજર જ્ઞાન ઉપર જાય છે ને તે જ્ઞાન જ્ઞાયકમાંથી આવે છે તેવો ખ્યાલ આવતાં જ, પ્રત્યેક સમયે પોતાના અભિપ્રાયનો પુરુષાર્થ પોતાના જ હાથમાં હોવાથી તે અભિપ્રાય ફરતાં જ અહમ્ જ્ઞાયકમાં સ્થપાઈ જાય છે. પર્યાય આશ્રય કરે છે દ્રવ્યનો ને પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થાય છે પોતાની ક્ષણિક ઉપાદાનગત્ યોગ્યતાથી. પર્યાય આવે છે અંદરથી ને થાય છે સ્વતંત્ર.

એક જ્ઞાયકભાવ છે તે ઉપાદેયભૂતતત્ત્વ છે, અહમ્ કરવાલાયક પદાર્થ પરિપૂર્ણ શુદ્ધ છે. તેમાંથી પ્રત્યેક સમયે જ્ઞાનના ઉપયોગનો ઉત્પાદ થાય છે તે જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક-સ્વપરપ્રતિભાસમય છે. જ્ઞાનમાં જ્ઞાનત્વ છે. બાહ્ય જ્ઞેયોમાં અને જ્ઞાયકમાં જ્ઞેયત્વ છે. જ્ઞાનમાં જ્ઞાયક તો અભિન્નરૂપે પ્રતિભાસિત થઈ રહ્યો છે ને જ્ઞેયો ભિન્નરૂપે પ્રતિભાસે છે. જ્ઞાનથી જ્ઞેયો સર્વથા પૃથક છે અને જ્ઞાયક તો કથંચિત્ અનન્ય છે. જ્ઞાન તો પોતે જ્ઞાનના આકારે રહેલું છે. કારણ કે તે જ્ઞાયકમાંથી આવે છે. જ્ઞાનને જ્ઞેયની સાપેક્ષતાથી જ્ઞેયાકાર પણ કહેવામાં આવે છે પરંતુ

જ્ઞેયાકાર કહેતાં જ્ઞેયના આકારો એટલે કે સ્વરૂપ કંઈ જ્ઞાનમાં પેસતું નથી. જ્ઞેય જ્ઞેયમાં છે જ્ઞેયના આકાર પણ જ્ઞેયમાં છે ને જ્ઞાન જ્ઞાનમાં છે. જ્ઞાનમાં જ્ઞાનના જ આકારો રહેલા છે. જ્ઞાનમાં જ્ઞાનના જ કલ્લોલો છે. આવા જ્ઞાનને પૂ. ગુરુદેવશ્રીએ જ્ઞાનાકારરૂપ જ્ઞેયાકાર પણ કહેલ છે.

જ્ઞાન તો જ્ઞાનાકાર છે કારણ કે તે માત્ર જ્ઞાનનું જ મટીરીયલ છે. તેમાં જ્ઞેયનું કાંઈ જ નથી. જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ જ્ઞાયકમાંથી આવતો હોવાથી ઉત્પાદમાં જેવું જ્ઞાન અંદરથી પ્રગટ થાય તેવું જ સામે પરજ્ઞેય હોય છે અને અંદરમાં સ્વજ્ઞેય હોય છે. જ્ઞેયના કારણથી કે જ્ઞેયના નિમિત્તથી કે જ્ઞેયના પ્રતિભાસને કારણે કે તેની સાપેક્ષતાથી તેવા જ્ઞાનનો ઉત્પાદ નથી થતો. જ્ઞાન સ્વયં સ્વતંત્ર જ્ઞેયથી નિરપેક્ષ પ્રગટે છે. જ્ઞાન પોતાની ક્ષણિક ઉપાદાનગત્ યોગ્યતાથી જ પ્રગટ થાય છે. આવા જ્ઞાનને જ્ઞાનાકારરૂપ જ્ઞેયાકાર કહેવામાં આવે છે.

જ્ઞાન તો અનેકાકાર હોવા છતાં એકરૂપે જ રહે છે. જ્ઞાનમાં જ્ઞાનથી જ જ્ઞાનનું જાણવું થાય છે. આવું જ્ઞાનનું પરિણમ જ્ઞેયાકાર જોઈને જીવને ભ્રાંતિ-ભ્રમણા થાય છે કે મારા જ્ઞાનમાં જ્ઞેયો પ્રવેશી ગયા અથવા તો જ્ઞેયને કારણે કે તેના નિમિત્તે મારું જ્ઞાન જ્ઞેયાકાર અથવા મલિન થઈ ગયું. જ્ઞાનનું પરિણમન તો પોતાની ક્ષણિક ઉપાદાનગત્ યોગ્યતાથી થાય છે.

પરંતુ આવી ભ્રમણાને કારણે તે જ્ઞાનને વિકલ્પથી-રાગથી મિશ્રિત માનીને તે વિકલ્પને-રાગને-જ્ઞેયને ખસેડવાનો પ્રયત્ન કરે છે એટલે કે તે જ્ઞેયાકાર જ્ઞાનને દૂર કરવાનો ભૂંસવાનો પ્રયત્ન કરે છે. તેમ કરવા જતાં ખરેખર તેનું જ્ઞાન દૂર થઈ જાય છે. ખરેખર જ્ઞેય તો પૃથક છે પણ જ્ઞેયાકાર જ્ઞાનનો તિરોભાવ કરીને સામાન્ય જ્ઞાનનો આવિર્ભાવ કરીને જ્ઞાયકમાં અહમ્ સ્થાપવાને બદલે જીવ અજ્ઞાનરૂપી ભ્રમણાથી જ્ઞાનની સ્વચ્છતાને દૂર કરવા પ્રયત્નશીલ થતો હોવાથી તે પોતે જ જ્ઞાનથી દૂર થઈ જાય છે. ખરેખર તો જ્ઞાન અંદરમાંથી જ્ઞાયકમાંથી આવતું હોવાથી તેને જ્ઞાયક સાથે જ સંબંધ છે જ્ઞેય સાથે કાંઈ સંબંધ જ નથી. જ્ઞાનમાં પ્રતિભાસ બંનેનો છતાં લક્ષ એકનું જ હોય છે.

જ્ઞાનનો ઉપયોગ જ્ઞાયકમાંથી જ એટલે કે સ્વમાંથી આવતો હોવાથી તે ખરેખર સ્વપ્રકાશક છે. સ્વમાંથી આવે છે તેથી સ્વપ્રકાશપૂર્વક સ્વપરપ્રકાશક છે. પરને કારણે પરપ્રકાશક નથી. પરમાંથી ઉપયોગ આવતો નથી, તે તો સ્વતઃ નિરપેક્ષ પોતાથી જ સ્વપરપ્રકાશક છે. જ્ઞાન દર્શન વીર્ય તો ક્ષયોપશમભાવે છે ને શ્રદ્ધા ને ચારિત્ર તો તે જ સમયે ઔદયિકભાવે છે. ઉપયોગનો ઉત્પાદ પ્રત્યેક સમયે ધ્રુવને પ્રસિદ્ધ કરીને જ વ્યય થાય છે. ઉપયોગ જીવના જીવત્વનો નિશ્ચય કરાવે છે. તે ઉપયોગ જાગતો દેવ છે. તે પોતાના ઉપયોગવાનનો નિર્ણય કરીને શ્રદ્ધાને વિષય સોંપે છે. આવા સ્વભાવની યથાર્થ સમજણ કરીને જે જીવ હું જ્ઞાયક છું એમ જ્ઞાનશ્રદ્ધાનપૂર્વક જ્ઞાયકમાં અહમ્ કરે છે તેનું નામ જ અનુભૂતિ છે. આ સમયે પરિણામમાં અપરિણામી નથી પણ પરિણામીમાં અપરિણામી છે. જો પરિણામને ભેદથી જુઓ તો તે પરદ્રવ્ય છે. અપરિણામી ધ્યેય છે, પરિણામનો ભેદ હેય છે ને પરિણામી જ્ઞેય છે. પરિણામ જ્યારે હું જ્ઞાયક છું તેમ પરિણમે છે ત્યારે તે પરિણામ ભેદરૂપ રહેતા નથી. અપરિણામીથી કથંચિત્ અનન્ય થઈને પરિણામી થાય છે. જો પરિણામનો ભેદ દેખાય તો ભેદવિકલ્પ ઉત્પન્ન થાય છે.

દરેક જીવ સુખને ઈચ્છે છે પણ સુખ ક્યાં

છે તેની તેને ખબર નથી. ત્યાં જ જ્ઞાનનીનું વચન તેના કાને પડે છે કે પર્યાયમાં દુઃખ હોવા છતાં પર્યાયથી સર્વથા ભિન્ન એવો તારો શુદ્ધાત્મા દ્રવ્યે અનાદિ અનંત સુખથી ભરેલો છે. દ્રવ્યસ્વભાવ કદી રાગરૂપ પરિણમ્યો જ નથી, તેનું પરિણમન જોવું હોય તો તે પણ જ્ઞાનરૂપ પરિણમન છે. તે તો સદાય અપરિણામી જ રહ્યો છે. જ્ઞાની સુખ કોઈને આપી શકતા નથી પણ સુખ કયાં છે તે જરૂર બતાવે છે ત્યાં જ શિષ્ય જાગૃત થઈને તુરત જ સુખમય એવા દ્રવ્યસ્વભાવની શોધમાં તત્પર થઈ જાય છે.

પૂ. ગુરુદેવશ્રી એક દૃષ્ટાંત આપતા કે એક વૃદ્ધ માજી હતા તેની સોય અંધારામાં પડી ગઈ હવે તે સોય તેને અંધારું જ્યાં હતું ત્યાં દૃષ્ટિગોચર ન થતાં જ્યાં ઉજાસ હતો ત્યાં તે સોયની શોધમાં ચડયા. કોઈએ તેમને પૂછ્યું કે માજી શું શોધો છો? તેમણે કહ્યું કે મારી સોય અંધારામાં પડી ગઈ છે પણ ત્યાં ઉજાસ ન હોવાથી અહીં ઉજાસ છે તેથી ત્યાં શોધું છું. જીવની અજ્ઞાન અવસ્થામાં આવી સ્થિતિ છે જ્યાં તેના વર્તમાન સ્વાભાવિક ઉપયોગમાં આત્મા છે ત્યાં શોધતો નથી, ત્યાં તેને અંધારું લાગે છે ને શાસ્ત્રજ્ઞાનમાં-બહિર્લક્ષીજ્ઞાનમાં-ક્ષયોપશમના ઉઘાડમાં તેને ઉજાસ લાગે છે તેથી ત્યાં સંશોધન કરે છે. જ્યાં આત્મા ઉપયોગમાં વર્તમાનમાં પ્રતિષ્ઠિત છે ત્યાં શોધે તો તુરત જ દૃષ્ટિગોચર થાય છે.

બહારમાં કયાંય આત્મજ્ઞાન પ્રગટ થવાનું કારણપણું નથી. દેવ-શાસ્ત્ર-ગુરુ કે સાક્ષાત્ ભગવાનની વાણી પણ આત્મજ્ઞાનનું કારણ બનતા નથી. આત્મજ્ઞાન પ્રગટ થવાનું કારણ પણ ધ્રુવસ્વભાવમાં પડેલું છે. ખરેખર તો પર્યાયનું કારણ-કાર્ય પર્યાયમાં જ છે પણ તે કયારે પ્રગટ થાય કે અપરિણામીના આશ્રયે પ્રગટ થાય. આશ્રય ધ્રુવનો ને યોગ્યતા ક્ષણિક ઉપાદાનગત્ પર્યાયની. ધ્રુવના આશ્રય વિના કોઈ પર્યાય કદી પોતાની મેળે સ્વયં શુદ્ધ પ્રગટ ન થઈ શકે. એવી પર્યાયની નિરપેક્ષતા નથી કે તેને ધ્રુવના આશ્રય વગર શુદ્ધતાનો જન્મ થાય. ધ્રુવનો આશ્રય પર્યાય લ્યે તો તે કાંઈ પરાધીન નથી કહેવાતી. જ્યારે માત્ર પર્યાયને સિદ્ધ કરવી હોય ત્યારે નિરપેક્ષતાની સિદ્ધિ કરવા બધી ચર્ચા આવે-હોય પણ દ્રવ્યના આશ્રયે જ પરિણામની શુદ્ધતા પ્રગટવાની ક્ષણિક ઉપાદાનગત્ યોગ્યતાથી પ્રગટ થાય. પૂ. સોગાનીજીએ તો ત્યાં સુધી કહ્યું છે કે પરિણામ દ્રવ્યનો આશ્રય લ્યે છે તે વાત મને ખટકે છે. પૂ. ગુરુદેવશ્રીએ પણ પૂ. બહેનશ્રીના વચનામૃતના બોલ નં. ૨૦૧ ના પ્રવચનમાં આ વિષય લીધો છે.

હવે ત્રીજો પેરેગ્રાફ જે આ ગાથાનો ખૂબ જ અગત્યનો છે તેમાં આચાર્ય ભગવાને ફરમાવેલ છે કે આવો અનુભૂતિ સ્વરૂપ ભગવાનઆત્મા આબાળગોપાળ સૌને સદા સ્વયં પોતે જ અનુભવમાં આવી રહ્યો છે. પૂ. ગુરુદેવશ્રીએ નાઈરોબીના પ્રવચનમાં ત્યાં સુધી કહ્યું કે અભવિને પણ આવી સ્થિતિ છે ભલે તેને જ્ઞાનની પરિણતિ નથી પણ સ્વભાવ તો આવો જ છે.

લક્ષણ કદી લક્ષને છોડતું જ નથી. જ્ઞાન ઉપયોગ તે લક્ષણ છે ને ઉપયોગવાન તે લક્ષ છે. લક્ષણ લક્ષને એક સમય માટે પણ છોડે તો લક્ષણ ને લક્ષ બંનેનો અભાવ થઈ જાય. કુંદકુંદઆચાર્યે કહ્યું કે પ્રથમમાં પ્રથમ તું આત્માને જાણ ને અમૃતચંદ્રાચાર્ય કહે છે કે તને તારો આત્મા તારા જ્ઞાનમાં જણાય રહ્યો છે તેમ તું જાણ. એક આચાર્ય

કહે છે તું ધ્યેયનો નિર્ણય કર. બીજા આચાર્ય કહે છે કે તું ધ્યેયના નિર્ણયની સાથે જ્ઞેયભૂત અભેદનો પણ નિર્ણય કર તો તું સમ્યક્‌ની સન્મુખ છો.

ઉપયોગમાં અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા અનુભવમાં આવી રહ્યો છે તેવો ઉપયોગ સહિતના આત્માને જ્ઞાનમાં નિર્ણય માટે લઈને શ્રદ્ધાએ અહમ્ નથી કરવાનું, કારણ કે ઉપયોગ તો ઉત્પાદવ્યયવાળો છે. ઉત્પાદની શ્રદ્ધા તે સમકિત નથી ધ્રુવની શ્રદ્ધા તે સમક્તિ છે માટે અહમ્ તો માત્ર તિકાળી જ્ઞાયકભાવમાં સ્થપાય ત્યારે જ સમ્યગ્દર્શનનો જન્મ થાય છે. નિર્ણયના કાળે બેયની શ્રદ્ધા થાય. પણ અહમ્ માત્ર જ્ઞાનક્રિયા વિનાનો નિષ્ક્રિય ભગવાનઆત્મા જે ધ્રુવ-કુટસ્થ-અપરિણામી-જ્ઞાયકભાવ-ભૂતાર્થ સ્વભાવ છે તેમાં થતાં જ શ્રદ્ધાની સમ્યક્‌તા પ્રગટ થાય છે. અહમ્ એટલે કે આ જ હું છું.

જ્યારે જ્ઞાનમાં નિર્ણયની ભૂમિકા ચાલુ થાય છે કે હું તો જ્ઞાયકભાવ છું ને મારા જ્ઞાનમાં મને જ્ઞાયક જ જણાય રહ્યો છે તેવો નિર્ણય આવે છે તેવી પરોક્ષ અનુભૂતિ ચાલુ થાય છે ત્યારે પણ હજુ શ્રદ્ધામાં તો રાગ તે હું તેવી શ્રદ્ધા ચાલે છે કારણ કે શ્રદ્ધામાં ક્રમ નથી. કાં મિથ્યાત્વ ને કાં સમ્યક્‌ત્વ તેટલું જ હોય છે પણ તેમાં જે નિર્ણયપૂર્વે મિથ્યાત્વની તીવ્રતા હતી તે મિથ્યાત્વ મંદ થતું જાય છે ને મિથ્યાત્વ ગળવા મંડે છે ને તેની શ્રદ્ધાના વલણનો વેગ હજુ જ્યાં સુધી ઉપયોગ સહિતના ઉપયોગવાનની તરફ છે, ત્યાં સુધી હજુ મિથ્યાત્વ છે. હજુ ભેદની શ્રદ્ધા ચાલે છે માટે રાગનો જન્મ થયા કરે છે. જ્યાં સુધી ભેદની શ્રદ્ધા છે ત્યાં સુધી સમ્યક્‌તાનો ઉત્પાદ નથી થતો, ત્યાં સુધી મિથ્યાત્વ ચાલુ રહે છે. જ્ઞાનનો નિર્ણય જેમ જેમ આગળ વધતાં વધતાં ગાઢ-પ્રગાઢ-અપૂર્વ થઈને પરિપક્વ થતો થતો સવિકલ્પ સ્વસંવેદનમાં પરિણમે છે ત્યાં જ શ્રદ્ધા જ્ઞાયકમાં અહમ્ કરવા તત્પર થઈ જાય છે ને કોઈ એવો જ તેનો સ્વકાળ આવતાં જ્ઞાયકમાં અહમ્ થતાં જ શ્રદ્ધાની સમ્યક્‌તા ઉત્પન્ન થાય છે ને તે જ કાળે જ્ઞાન-ચારિત્ર પણ સમ્યક્ નામ પામે છે. આવી સમ્યક્‌તા થતાં શ્રદ્ધાન સાથે જ્ઞાન પણ સમ્યક્ થતાં અનેકાંતિક જ્ઞાન પ્રગટ થાય છે ને તે જ્ઞાન નિર્વિકલ્પતાના કાળે પણ જ્ઞાનનો સ્વભાવ જ સવિકલ્પ હોવાથી દ્રવ્ય પર્યાય બંનેનું જ્ઞાન વર્તે છે. જ્ઞાન જ્ઞાયકને પણ જાણે છે ને પર્યાયમાં આનંદ આવ્યો તેનું તથા અનંત પર્યાયોનું પણ જ્ઞાન વર્તે છે તેને નિશ્ચયથી સ્વપ્રકાશકપૂર્વક સ્વપરપ્રકાશક જ્ઞાન કહેવામાં આવે છે.

આ ગાથામાં જ્ઞાનની મુખ્યતાથી ક્રમ ચાલુ થાય છે. જ્ઞાનપૂર્વકશ્રદ્ધાન ને ચારિત્રની લીનતા. કારણ કે જાણ્યા વિનાનું શ્રદ્ધાન તો ગધેડાના શીંગડાં સમાન છે. જેને જાણે તેની શ્રદ્ધા જીવને થાય તેથી આ ગાથામાં જ્ઞાનથી ચર્ચાની શરૂઆત બતાવી છે.

પહેલામાં પહેલો વિષય-ધ્યેય ભગવાનઆત્મા છે તે સમજવો ને તે ભગવાનઆત્મા આબાળગોપાળ સૌને ઉપયોગમાં અનુભવમાં-જાણવામાં આવી રહ્યો છે તેવો ધ્યેયભૂત અભેદ ને જ્ઞેયભૂત અભેદનો નિર્ણય, રાગદ્વેષમોહવાળી બહિર્લક્ષી અવસ્થાના કાળે પણ આવો જ્ઞાનમાં ઉપયોગવાન વર્તી રહ્યો છે તેવો નિર્ણય થાય અને તે નિર્ણયપૂર્વક ભેદજ્ઞાનની પ્રવિણતા એટલે કે આત્માનું લક્ષણ જ્ઞાન ને બંધનું લક્ષણ રાગ તેવો પ્રયોગ ચાલુ થાય છે. યથાર્થ સમજણ અનુસાર પ્રયોગ થાય છે. યથાર્થ સમજણ વગરનો પ્રયોગ કદી સાર્થક થતો નથી.

જ્ઞાયકભાવ અકર્તા ને અકારણ માત્ર જાણનાર દેખનાર છે ને તેમાં જ તેની કારણ શુદ્ધપર્યાયમાં ગર્ભિતપણે કારણપણું સમાવિષ્ટ છે. પર્યાયનું

કારણ-કાર્ય પર્યાયમાં જ તેની ક્ષણિક ઉપાદાનગત્ યોગ્યતા અનુસાર જ હોવા છતાં તે સમયે સ્વાભાવિક નિમિત્ત તેની જેતે ગુણની કારણશુદ્ધપર્યાય કારણ બને છે. આવા પરિપૂર્ણ આત્માની યથાર્થ સમજણ કરી તેનો નિર્ણય કરી જે જીવ પુરુષાર્થપૂર્વક પ્રયોગે ચડે છે તે જીવને સમ્યક્તા પ્રગટ થવાનો સ્વકાળ અલ્પ સમયમાં જ નજીક આવી જાય છે.

અંતમાં પ્રત્યેક જીવ જાણનાર દેખનાર છે ને તેને હંમેશા નિરંતર આબાળગોપાળ સૌને અનુભૂતિ સ્વરૂપ ભગવાનઆત્મા એટલે કે ''જાણનારો જ જણાય છે'' આવો ૧૭-૧૮ ગાથાનો મર્મ સમજી સર્વ ભવિ જીવો પૂ. ગુરુદેવશ્રીએ તથા સર્વે જ્ઞાનીઓએ બતાવેલા મોક્ષમાર્ગે પ્રયાણ કરી મોક્ષલક્ષ્મીને વરે તેવી મંગલ ભાવના.

આ ગાથાના વિશેષ સ્પષ્ટીકરણ માટે પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનો ખાસ સાંભળવા વિનંતી છે.

**- ચેતનભાઈ મહેતા (રાજકોટ)**
મો : ૯૪૨૮૦ ૦૪૯૭૨ /૯૩૭૪૧ ૦૦૫૦૮

## -: ખાસ નોંધ :-

- પ્રસ્તુત **'ગુરુપ્રસાદ'**ના આ વિશેષાંકમાં **'દ્રષ્ટિનો વિષય અને ભેદજ્ઞાન પ્રયોગ વિધિ'**નાં લેખોનો જ સમાવેશ કરવામાં આવેલ છે. તેથી ધારાવાહિક પ્રવચનો-લેખો પ્રકાશિત કર્યા નથી. આવતા અંકથી ફરી શરૂ થશે.
- પ્રસ્તુત વિશેષાંકમાં **પં. શ્રી રાકેશકુમારજી શાસ્ત્રી (નાગપુર), પં. શ્રી રમણીકભાઈ સાવલા તથા પં. શ્રી હેમચંદજી 'હેમ'**ના લેખો સ્થળ સંકોચનાં કારણે લઈ શક્યા નથી, તેને આવતાં અંકમાં પ્રકાશિત કરીશું, જેની નોંધ લેવા વિનંતી.

## સાભાર-સ્વીકાર

ગુરુપ્રસાદ માસિક સહાયતાર્થે રૂા. ૨,૫૦૦/- **શ્રી પ્રવિણચંદ્ર કોદરલાલ શાહ, અમદાવાદ** તરફથી સાભાર પ્રાપ્ત થયેલ છે. સાદર ધન્યવાદ.

## પરમ પૂજ્ય કહાન ગુરુદેવશ્રીની જન્મ જયંતી બાબત

દેવલાલીમાં પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ દ્વારા કહાનનગર ખાતે હવેથી દર વરસે તા. 16-4 થી તા. 20-4 - પાંચ દિવસ - પરમ પૂજ્ય કહાન ગુરુદેવશ્રીની જન્મ જયંતી (ઈંગ્લીશ તારીખ પ્રમાણે) ઉજવવામાં આવશે.

પૂજ્ય કહાન ગુરુદેવશ્રીનો જન્મ વૈશાખ સુદ-બીજ, સંવત 1946, રવિવાર, ઈસ્વીસન 1890, તારીખ 20 મી એપ્રીલ હોવાથી આપણે દર વરસે 16 એપ્રીલ થી 20 એપ્રીલ સુધી જન્મ જયંતી મહોત્સવ ઉજવવાનું નક્કી કરેલ છે. જેથી જેઓને વૈશાખ સુદ-બીજ ઉજવવા સોનગઢ અથવા પોતાના વતનમાં કે કોઈપણ સ્થળે જઈ શકાય.

**- પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ,**
*કહાનનગર, લામરોડ, દેવલાલી-420 401*

# ।। शुद्धातम का लो आधार, कहने की विधियाँ हैं चार ।।

*''पर्यायों से पार त्रिकाली ध्रुव लक्ष्य बनायेंगे ''तथा'' एक आण्ड अभेद चिदातम'' आदि अनेक प्रकार की कथन शैलियां के सन्दर्भ में यह विश्लेषण विशेष ध्यान देने योग्य है।*

प्रत्येक आत्मार्थी की भावना सम्यग्दर्शन-ज्ञान-चारित्र प्रगट कर जन्म-मरण से मुक्त होकर शाश्वत स्वाधीन निराकुल सुखमयी सिद्धदशा प्रगट करने की होती है। इसी उद्देश्य की पूर्ति हेतु वह निरन्तर तत्त्व-अभ्यास में प्रयत्नशील रहता हुआ परमशुद्धनय अथवा परमभावग्राही द्रव्यार्थिकनय के विषयभूत एक अखण्ड अभेद सामान्य त्रिकाली ज्ञायकभाव की निर्विकल्प अनुभूति प्रगट करने हेतु अद्यमवन्त रहता है।

प्रमत्त-अप्रमत्त रहित एक ज्ञायकभाव ही श्रद्धा का श्रद्धेय (दृष्टि का विषय) ज्ञान का ज्ञेय एवं ध्यान का ध्येय है। समयसारादि अध्यात्म ग्रन्थों में अनेक तरीकों से ज्ञायक स्वभाव का वर्णन करते हुं उसके अवलम्बन की विधि बताई गई है।

आध्यात्मिक सत्पुरुष पूज्य गुरुदेव श्री कानजीस्वामी ४५ वर्षो तक अनवरत रूप से पर्यायदृष्टि छुड़ाकर द्रव्यदृष्टि प्रगट करने की प्रेरणा देते रहे हैं। सी.डी. में सुरक्षित तथा ग्रन्थों में प्रकाशित उनके प्रवचन आगामी हजारों वर्षो तक अध्यात्म रसिक जीवों को स्वानुभूति का मार्ग प्रकाशित करते रहेंगे।

उनके प्रवचनों में दृष्टि के विषय अथवा उसका अवलम्बन लेने की विधि की व्याख्या मुख्यतः चार प्रकार से की गई है जो निम्नानुसार हैं :-

(१) पर्याय रहित त्रिकाली द्रव्य का अवलम्बन करो।

(२) समस्त प्रकार के भेदों से रहित अभेद शुद्धात्मा का अवलम्बन करो।

(३) विशेषों को सामान्य में डुबो कर एक मात्र सामान्य को देखो।

(४) विशेषों में भी सामान्य को देखो।

इनके उतिरिक्त (क) दो घड़ी के लिए शरीर का पड़ोसी बन जाओ, (ख) रंग राग और भेद से रहित आत्मा का आश्रय करो, (ग) एकत्व विभक्त आत्मा का अवलम्बन करो, (घ) नयपक्ष छोड़कर पक्षातिक्रान्त हो जाओ इत्यादि अनेक प्रकार से आत्मानुभूति प्रगट करने की प्रेरणा दी गई है।

गहन चिन्तक मुमुक्षु वर्ग में प्रथम दो बिन्दु विशेष रूप से चर्चित होते हैं। शेष दो बिन्दु भी गुरुदेव के प्रवचनों में उपलब्ध होते हैं; परन्तु सन्तुलित एवं व्यापक चिन्तन के अभाव में त्रिकाली ध्रुव बनाम अभेद के रूप में आग्रह भी देखे जाते हैं। अतः यहाँ उक्त चार बिन्दुओं पर विशेष चिन्तन अभीष्ट है ताकि स्वरूप का चिन्तन मनन और अनुभवन की प्रक्रिया विशेष रूप से स्पष्ट हो सके।

(१) पर्याय रहित त्रिकाली द्रव्य का अवलम्बन करोः- यहाँ पर्याय से आशय मुख्तया असमानजातीय मनुष्यपर्याय एवं रागादि विकारी पर्यायों से है। श्री समयसारजी में भी एकत्व-विभक्त आत्मा का परिचय देते हुए उसे प्रमत्त-अप्रमत्त भावों से रहित एक ज्ञायकभावरूप दिखाया गया है। वर्णादि से

गुणस्थानपर्यन्त २८ भावों से भी आत्मा को भिन्न कहा गया है। अन्यत्र अनेक स्थलों पर सिद्ध समान शुद्ध निरंजन नित्य एक अखण्ड त्रिकाली ज्ञायकस्वरूप आत्मा को ही ज्ञेय-श्रद्धेय और ध्येय कहा गया है। पूज्य गुरुदेवश्री के प्रवचनों में सदा त्रिकाली ज्ञायकभाव पर दृष्टि देने की मुख्यता रहती है।

प्रत्येक वस्तु द्रव्य-क्षेत्र-काल-भावमय अखण्ड स्वरूप है। इन्ही चारों बिन्दुओं को द्रव्यार्थिकनय से देखा जाए तो वस्तु सामान्य, अभेद, नित्य और एकरूप है। शुद्ध द्रव्यार्थिकनय के तीन भेदों में एक उत्पाद-व्यय निरपेक्ष शुद्ध द्रव्यार्थिकनय भी कहा गया है। परमशुद्ध निश्चयनय का विषयभूत आत्मा भी रागादि विकारी भावों से तथा आंशिक एवं पूर्ण शुद्ध पर्यायों से निरपेक्ष कहा गया है। नियमसार में तो औदयिक आदि चार भावों को परद्रव्य कहकर आत्मा को उनसे भिन्न कहा गया है।

निष्कर्ष के रूप में यह कहा जा सकता है कि पर्यायों से रहित त्रिकाली द्रव्य की बात जिनागम में अनेक स्थलों पर आई है, अतः पर्याय से दृष्टि हटाकर त्रिकाली ज्ञायक स्वभाव पर दृष्टि देना अर्थात् अपने को इसरूप जानना मानना ही सम्यग्दर्शन है। दृष्टि स्वयं पर्याय है और उसका विषय ज्ञायक-भाव है। अतः ज्ञायकभाव पर्याय रहित त्रिकाली ध्रुव स्वरूप होना चाहिए। यदि ज्ञायक स्वभाव त्रिकाली न होकर क्षणिक हो जाए तो क्षणिक पर्याय-दृष्टि तो अनादि से है ही, पुनः क्षणिक ज्ञायक की दृष्टि करने का क्या प्रयोजन?

यहाँ प्रमाण के विषयभूत द्रव्य को पर्याय रहित नहीं कहा है अपितु प्रमाण के विषय में विद्यमान त्रिकाली द्रव्य-अंश को पर्याय-अंश से रहित (कथान्चित) कहा गया है। द्रव्य और पर्याय दोनों अंश सर्वथा एक माने जायें तो द्रव्य-पर्यायात्मक वस्तु सिद्ध न होगी। अःत दृष्टि के विषय को पर्याय रहित माननें से वस्तु में पर्यायों के सर्वथा निषेध की आशंका, नहीं करना चाहिए।

**प्रश्न :- आपने त्रिकाली द्रव्य को प्रमाण के विषयभूत द्रव्य का अंश कहा है, तो क्या अंश के आश्रय से सम्यग्दर्शन होता है?**

उत्तरः- स्वानुभूति दर्शन में यही प्रश्न उठाया गया है। वहाँ समाधान करते हुए कहा गया है कि प्रमाण की अपेक्षा त्रिकाली द्रव्य अंशरूप है परन्तु दृष्टि की अपेक्षा वह पूर्ण है। परिवार में बड़े-छोटे सभी भाई परिवार के अंश हैं' पूर्ण परिवार नहीं, परन्तु अपनी पत्नी की दृष्टि में वे ही उनके सर्वस्व हैं। जरा विचार करो कि जो त्रिकाली अंश अनादि-अनन्त नित्य शुद्ध एकरुप है, वह अपूर्ण कैसे हो सकता है? यदि नहीं तो अनन्त गुणों का अखण्ड पिण्ड होने से अब उसमें क्या कमी है जिसकी पूर्ति पर्यायों द्वारा होगी? अतः त्रिकाली स्वभाव में अपनापन होने पर ही 'में हूँ अपने में स्वयं पूर्ण' की अनुभूति होने पर सम्यग्दर्शन प्रगट होगा। अधिक गहन चिन्तन के लिए आदरणीय बाबू जुलगकिशोरजी युगल' द्वारा रचित लेख 'पूज्य गुरुदेव श्री कानजीस्वामी और उनका जीवन दर्शन' बारम्बार पठनीय है।

(२) भेद का लक्ष्य छोड़कर अभेद का लक्ष्य करनाः-

प्रमाण विवक्ष में वस्तु सत्-असत् नित्य-अनित्य एक-अनेक, तत्-अतत् भेद-अभेद आदि अनेक धर्मात्मक है। आत्मानुभूति के प्रयोजन से एक, अभेद, सामान्य और नित्य पक्ष को मुख्य करके भूतार्थ तथा

अनेक, भेद, विशेष और अनित्य पक्ष को गौण करके अभूतार्थ कहा जाता है रागी जीव को भेद का लक्ष्य करने पर विकल्प उत्पन्न होते हैं जो कि निर्विकल्प अनुभूति में बाधक हैं, इसलिए आत्मानुभूति के लिए भेद का लक्ष्य छोड़कर अखण्ड अभेद एक स्वभाव का आश्रय करने की प्रेरणा दी जाती है।

परमभावग्राही द्रव्यार्थिकनय अथवा परमशुद्धनय के विषयभूत अभेद अखण्ड एक निर्विकल्प शुद्धात्मा में द्रव्य-क्षेत्र-काल-भाव/उत्पाद-व्यय-ध्रौव्य/गुण-पर्याय/गुण-गुणी/पर्याय-पर्यायी आदि किसी भी प्रकार का भेद, भेद-कल्पना सापेक्ष अशुद्ध द्रव्यार्थिकनय अनुपचरित सद्भूत व्यवहारनय का विषय कहा गया है। शुद्ध द्रव्यार्थिकनय के तीन भेदों में द्रव्यार्थिकनय के विषय को उत्पाद-व्यय, भेद-कल्पना एवं कर्मोपाधि से निरपेक्ष कहा गया है। पाण्डे राजमलजी ने भी कलश टीका में अभेद निर्विकल्प वस्तु को स्वद्रव्य तथा भेद-कल्पना को परद्रव्य कहा है।

इस प्रकार जिनागम में अनेक स्थलों पर भेद से दृष्टि हटाकर अभेद का आश्रय करने की प्रेरणा दी गई है।

अभेद की चर्चा करते समय प्रायः यह समझ लिया जाता है कि अभेद का अवलम्बन करने से पर्याय भी दृष्टि के विषय में शामिल हो जायेगी, इसलिए अभेद का अवलम्बन नहीं करना अपितु त्रिकाली ध्रुव ज्ञायक स्वभाव पर दृष्टि देने से सम्यग्दर्शन होगा।

इस प्रकरण पर ऊहापोह करना ही इस लेख का मुख्य प्रयोजन है। वास्तव में अभेद का आशय न समझने से ही उसके अवलम्बन में पर्याय शामिल होने का भ्रम खड़ा होता है।

अभेद का मतलब गुण पर्याय के भेद सहित वस्तु नहीं, अपितु उत्पाद-व्यय-ध्रुव अथवा गुण-पर्याय के भेद से भी रहित निर्विकल्प चैतन्य वस्तुमात्र है। अभेद का अर्थ भेद रहित होता है, भेद को शामिल करना नहीं। पण्डित टोडरमलजी ने लिखा है। 'सर्वभेद जिसमें गर्भित हैं ऐसा चैतन्यभाव सो पारिणामिक भाव है'। भेद गर्भित हैं अर्थात् भेद पर दृष्टि नहीं देना। यद्यपि सम्पूर्ण पर्यायें वस्तु में अभेद रूप से शामिल हैं, तथापि गुण-पर्याय-रूप भेद भी हैं' ऐसा विकल्प हुआ तो भेद गर्भित कहाँ रहे? वे तो उदित हो गए।

वास्तव में जो ज्ञायकभाव सामान्य एकरूप है, वही त्रिकाली है, वही नित्य है, वही ध्रुव है, और वही अभेद है। ये सभी विशेषण दृष्टि के विषय अथवा ध्यान के ध्येयभूत परिणामिक भाव के ही हैं। समयसार के सातवें कलश में कहा है कि आत्मा नवतत्त्वरूप परिणमित होते हुए भी अपने एकत्त्व को नहीं छोड़ता। पर्याय-दृष्टि से नौ भेद दिखाई देते हैं परन्तु द्रव्य-दृष्टि से आत्मा अभेद एकरूप ही दिखेगा।

यदि अभेद के साथ भेद अर्थात् गुण-पर्यायों को भी लक्ष्य में लिया जाए तो यह प्रमाण का विषय होगा, शुद्धनय का नहीं। अभेद में तो भेद गौण होता है, उदित नहीं। श्लोकवार्तिक में अंशी को प्रमाण का विषय न कहकर द्रव्यार्थिकनय का विषय कहा गया है।

जिसप्रकार अनेक राज्यों और जिलों के भेद होने पर भी भारत अखण्ड है उसी प्रकार अनन्त गुणों और पर्यायों में व्याप्त द्रव्य भी अखण्ड अभेद अविनाशी ध्रुव तत्त्व है।

जरा विचार कीजिये कि जो अभेद एकरूप स्वभाव है वह क्षणिक है या शाश्वत्? अनित्य है या नित्य? यदि क्षणिक या अनित्य माना जाए तो वह एक कालांश होगा, अभेद कैसे होगा? जो अभेद अर्थात् गुण-पर्याय के भेदों से रहित होगा वह त्रिकाली एकरूप ध्रुव ही होगा अन्यथा अभेद स्वरूप भी मात्र एक गुण या पर्यायरूप होने से उसका अभेद स्वरूप नष्ट हो जाएगा।

वस्तुतः विशेषों में व्याप्त होने से द्रव्य को सामान्य अनन्तगुणों में व्याप्त होने से एक तथा त्रिकालवर्ती प्रवाहक्रम में व्याप्त होने से उसे ध्रुव या नित्य कहते है। गुण-पर्यायों में अखण्डरूप से व्याप्त होने से द्रव्य को अभेद भी कहते हैं तथा अपनें प्रदेशों में अखण्डपने व्याप्त होने की अपेक्षा भी उसे अभेद कहते हैं।

जरा सोचिये। पूज्य गुरुदेव श्री जितना वजन त्रिकाली ध्रुव पर दृष्टि करने पर देते हैं उतना ही वजन रंग राग और भेद से भी भिन्न अखण्ड द्रव्य पर दृष्टि करने पर देते हैं। उनके प्रवचनों में सैकडों बार अभेद अखण्ड त्रिकाली ध्रुव नित्य सामान्य आदि अनेक उद्गार ध्यानाकर्षक हैं। समयसार गाथा ७३ की टीका में भगवान आत्मा के लिए प्रत्यक्ष अखण्ड तथा नित्यउद्योतरूप विशेषण एक साथ दिए गए हैं।

इसप्रकार अभेद पर लक्ष्य करने से गुण-पर्याय का भेद भी दिखेगा-ऐसा नहीं समझना चाहिए, अपितु अभेद के लक्ष्य से गुण-पर्याय के भेद से रहित एक अखण्ड त्रिकाली ज्ञायकभाव ही आएगा। ध्रुव और अभेद दोनों परस्पर विरोधी नहीं अपितु पारिणामिकभाव के कालवाची और भाववाची विशेषण हैं।

इसीप्रकार एक पक्ष को यह शिकायत है कि त्रिकाली ध्रुव कहकर आपने अभेद वस्तु में भेद तो कर ही दिया, अतः त्रिकाली ध्रुव का अवलम्बन भी भेद का अवलम्बन ही हुआ। अभेद में तो द्रव्य-गुण-पर्याय सब आ गए, उसके टुकड़े क्यों करते हो?

वास्तव में त्रिकाली द्रव्य के अवलम्बन में अखण्ड वस्तु के एक अंश का अवलम्बन नहीं अपितु पर-पदार्थों और गुण-पर्यायों के भेद से भी दृष्टि हटाकर एक अभेद ध्रुव चैतन्य स्वभाव की मुख्यता से सम्पूर्ण वस्तु के अवलम्बन की बात है। द्रव्य-दृष्टि से आत्मा अनादि-अनन्त नित्य ध्रुव चैतन्य स्वरूप है। त्रिकाली स्वभाव की मुख्यता से कथन होने पर भी उसके अवलम्बन में त्रिकाली या क्षणिक सम्बन्धी भेद का विकल्प नहीं रहता अपितु अखण्ड द्रव्य का अवलम्बन होने रो पक्षातिकान्त अनुभूति होती है।

खीर खाते समय उसके मीठे स्वाद की मुख्यता रहती है परन्तु खीर में से अकेला स्वाद तोड़कर नहीं खाया जाता। खाने में सम्पूर्ण खीर हैं। और वेदन में स्वाद रहता है। इसीप्रकार त्रिकाली ध्रुव चैतन्य स्वभाव की मुख्यता से अखण्ड वस्तु का अवलम्बन लिया जाता है, मात्र त्रिकाली अंश को तोड़कर उसका अवलम्बंन नहीं लिया जाता। उत्पाद-व्यय-ध्रुव का भेद तो भेद-कल्पना सापेक्ष अशुद्ध द्रव्यार्थिकनय का विषय है, शुद्ध द्रव्यार्थिकनय अथवा शुद्ध निश्चयनय का विषय तो भेद-कल्पना निरपेक्ष अखण्ड वस्तु है।

निर्णय के काल में गुण-पर्याय अथवा नवतत्त्व सम्बन्धी भेद का अवलम्बन भी हेय है तथा अभेद शुद्ध चिद्रुप उपादेय है- ऐसे विकल्प होते हैं, परन्तु अनुभूति में ऐसे विकल्पों का भी शमन हो जाता है और एक चैतन्य मात्र वस्तु के अतीन्द्रिय आनन्दमय स्वाद का वेदन होता है। कहा भी है- 'तदेव साक्षादमृत पिबन्ति'। क्षणिक पर्यायों का अवलम्बन छुड़ाने के लिए त्रिकाली की मुख्यता से अभेद वस्तु का कथन किया जाता है, भेद पर दृष्टि रखने के लिए नहीं।

इसप्रकार त्रिकाली ध्रुव के अवलम्बन के कथन में भी अभेद नित्य शुद्ध चैतन्य स्वभाव का ही अवलम्बन लेने की बात है उत्पाद-व्यय-ध्रुव के भेद में उलझने की नहीं।

(३) विशेषों को सामान्य में डुबो कर मात्र सामान्य को देखोः-

वास्तव में क्रमाक दो और तीन के कथनों में मात्र कथन शैली का ही अन्तर है। द्रव्य-गुण-पर्याय

में भेद न देखना और मात्र सामान्य को ही देखना एक ही बात है। विशेषों को सामान्य में डुबोने से आशय विशेषों को गौण करके जिस सामान्य के वे विशेष है उस सामान्य को देखने से है।

प्रवचनसार गाथा १२६ में ज्ञान तत्त्व की सिद्धि होने पर शुद्धात्मा की उपलब्धि होती है- इस तथ्य का उल्लेख करते हुए आचार्य अमृतचन्द्रदेव कहते हैंः-

''इस प्रकार जो पुरुष कर्ता, करण, कर्म और कर्मफल आत्मा ही है'' -यह निश्चय करके परदव्यरुप परिणमित नहीं होता, वही पुरुष जिसका परद्रव्य के साथ सम्पर्क रुक गया है और जिसकी पर्यायें स्वद्रव्य के भीतर प्रलीन हो गई है- ऐसे शुद्धात्मा को उपलब्ध करता है।

इस गाथा का भाव खोलने हुए टीकाकार आचार्यदेव कलश क्रमांक सात में कहते हैं ''सामान्य मज्जित समस्त विशेषजातः'' इसका भावानुवाद डॉ. हुकमचन्दजी भारिल्ल प्रवचनसार अनुशीलन में निम्नानुसार करते हैः-

*जितने बताई भिन्नता भिन्न द्रव्यनि से।*
*और आत्मा एक ओर को हटा दिया।*
*जिसने विशेष किये लीन सामान्य में।*
*और मोह लक्ष्मी को लूटकर भगा दिया।।*
*ऐसे शुद्धनय ने उत्कट विवेक से ही।*
*निज आत्मा का स्वभाव समझा दिया।।*
*और सम्पूर्ण इस जग से विरक्त कर।*
*इस आत्मा को निजातम में लगा दिया।।*

विशेषों को सामान्य में मग्न करने का भाव स्पष्ट करते हुए पूज्य गुरुदेवश्री दिव्यध्वनि सार भाग-३ पृष्ठ ४२१-४२२ पर कहते हैं ''आत्मा विकार को दूर करने वाला है और शुद्धता को प्रगट करनेवाला है- ऐसे भेद शुद्ध स्वभाव में नहीं है। कर्ता-करण आदि के भेद पर्याय में होते हैं, जो स्वभाव तरफ दृष्टि रखने से नाश को प्राप्त होते हैं और पर्यायें द्रव्य के अन्दर डूब जाती हैं।

इसलिए शुद्धनय विशेषों को द्रव्य सामान्य में मग्न करता है अर्थात् पर्यायबुद्धि, अंशबुद्धि, रागबुद्धि का नाश करता है और स्वभावबुद्धि उत्पन्न करता है। ऐसा शुद्धनय वर्तमान पर्याय को अभेद शुद्धस्वभाव में लीन करता है, इसलिए मिथ्यात्व राग-द्वेष उत्पन्न नहीं होते।''

प्रवचसार गाथा ८० की टीका में भी द्रव्य-गुण-पर्याय को जानने के संदर्भ में पर्यायों को और गुणों को द्रव्य में संक्षेपण करने की बात कही गई है। इस संदर्भ में ८० वीं गाथा का भावार्थ विशेष ध्यान देने योग्य हैः-

''इस प्रकार त्रैकालिक निज आत्मा को मन के द्वारा ज्ञान में लेकर-जैसे मोतियों को और सफेदी को हार में ही अन्तर्गत करके मात्र हार ही जाना जाता है, उसी प्रकार पर्यायों को और चैतन्य गुण को आत्मा में ही अन्तर्गर्भित करके केवल आत्मा को जानने पर परिणामी-परिणाम-परिणति के भेद का विकल्प नष्ट हो जाता है, इसलिए जीव निष्क्रिय चिन्मात्रभाव को प्राप्त होता है और उससे दर्शनमोह निराश्रय होता हुआ नष्ट हो जाता है।''

उक्त भावार्थ में त्रैकालिक आत्मा को जानने के लिये पर्याय और गुणों को आत्मा में अन्तर्गर्भित करने की प्रेरणा दी गई है और इससे परिणामी-परिणाम और परिणति के भेद का विकल्प नष्ट होकर निष्क्रिय चिन्मात्र भाव की प्राप्ति अर्थात् निर्विकल्प अनुभूति की बात कही गई है। इस प्रकार यहाँ इस लेख में चर्चित चार में से तीन बिन्दूओं की चर्चा एक साथ उपलब्ध होती है।

इस संदर्भ में दिव्यध्वनि सार पृष्ठ १९९ पर संकलित ८० वीं गाथा पर पूज्य गुरुदेव श्री के प्रवचन का निम्न अंश विचारणीय हैः-

''प्रथम पर्यायों को संक्षेप करता है। जैसे मोतियों को झूलते हुए हार में संक्षेपना किया जाता है वैसे ही आत्मा की पर्याय को आत्मा में ही द्रव्य की ओर झुकाते है। चेतन, चेतन द्रव्य त्रिकाल प्रवाहरुप है। परिणमित होने वाले आत्मा में पर्याय को अंतर्गर्भित करते हैं- यह सम्यग्दर्शन प्राप्त करने की अंतरंग क्रिया है। आत्मा का दर्शन अथवा प्रभु के दर्शन से भेंट होने की यह क्रिया है। पर्याय की अंशबुद्धि छोड़कर स्वभाव बुद्धि कराते हैं। भगवान आत्मा चेतन है। चेतन द्रव्य प्रवाह रुप से कायमी है। वर्तमान पर्याय को अन्तर में झुकाकर अर्थात् आत्मा की पर्याय को आत्मा में अन्तर्हित करते हैं।''

यही भाव प्रवचनसार अनुशीलन पृष्ठ ३६७ पर इस प्रकार स्पष्ट किया गया हैः-

''पहले सामान्य-विशेष को (द्रव्य पर्याय) को जानकर फिर विशेषों को सामान्य में अंतर्गत किया जाता है, किन्तु जिसने सामान्य-विशेष का स्वरुप न जाना हो वह विशेष को सामान्य में अन्तर्लीन कैसे करे?

पहले अज्ञान के कारण द्रव्य-गुण-पर्याय के भेद करता था इसलिए उन भेदों

दूर हो जाने से मोह क्षय को प्राप्त होता है। द्रव्य-गुण-पर्याय की एकता ही धर्म है और द्रव्य-गुण-पर्याय का भेद दूर हो जाने से मोह क्षय को प्राप्त होता है। द्रव्य-गुण-पर्याय की एकता ही धर्म है और द्रव्य-गुण-पर्याय के बीच भेद ही अधर्म है।''

इसप्रकार भेद का लक्ष्य छोड़कर अभेद का लक्ष्य करने की प्रक्रिया में ही विशेषों को सामान्य में अन्तर्लीन करने की या डुबोने की बात आती है। प्रवचनसार गाथा ८० तथा १२६ और कलश ७ पर पूज्य गुरुदेवश्री का सम्पूर्ण प्रवचन गहराई से पढ़ा जाए तो यह विषय और स्पष्ट हो जाएगा।

श्री समयसार में गाथा ४९ की टीका में समागत अव्यक्त के बोलों में कहा गया है कि चित्सामान्य में चैतन्य की समस्त व्यक्तियों अन्तर्गर्भित हैं। इस कथन में भी यही भाव समाया हुआ है कि विशेष सामान्य के ही अंश हैं अतः उसका लक्ष्य छोड़कर सामान्य का लक्ष्य करना चाहिए।

(४) विशेषों में भी सामान्य को देखोः-

वास्तव में यह मतिश्रुतादि क्षयोपशमज्ञान पर्याय में ज्ञान सामान्य को देखने की बात है। अनुभूति स्वरुप भगवान आत्मा ''आबाल गोपाल सबको सदाकाल अनुभव में आ रहा है।'' श्री समयसार गाथा १७-१८ की टीका का कथन वर्तमान ज्ञान पर्याय में परिणम्ते हुए ज्ञायक स्वभाव की ही घोषणा कर रहा है। इन्हीं पक्तियों का भाव आदरणीय बाबू जुगलकिशोरजी 'युगल' ने सिद्ध पूजन की जयमाला में खोलते हुए लिखा हैः-

*ज्ञान की प्रतिपल उठे तरंग झांकता उसमें आतमराम।*
*अरे आबाल सभी गोपल सुलभ सबको चिन्मय अभिराम।।*

जब हम स्वर्ण के हार में स्वर्ण का या मिट्टी के शेर में मिट्टी का अनुभव कर सकते हैं तब मतिश्रुतादि ज्ञान विशेषों में ज्ञान सामान्य का अनुभव क्यों नहीं कर सकते?

समयसार परिशिष्ट में आत्मा को ज्ञान लक्षण से लक्षित होना कहा है। क्योंकि ज्ञान प्रसिद्ध है। तथा स्वसंवेदन प्रत्यक्ष है। यह प्रसिद्धि तथा स्वसंवेदन प्रत्यक्षपना पर्याय में ही तो है क्योंकि द्रव्य गुण तो

शक्ति स्वरुप हैं।

यदि ज्ञान लक्षण पर्याय में भी प्रसिद्ध न हो अर्थात् ज्ञान स्वभाव पर्याय में भी विद्यमान न हो तो किसके सहारे द्रव्यस्वभाव की पहचान और प्रतीति होगी?

समयसार गाथा १५ की टीका में भी ज्ञेयाकार ज्ञान का तिरोभाव तथा सामान्य ज्ञान का आविर्भाव करके आत्मानुभूति की बात कही गई है। ज्ञान की जो पर्याय ज्ञेयों को प्रकाशित करती हुई ज्ञेयाकाररुप परिणमित हो रही है वही पर्याय उन ज्ञेयाकारों में अपने ज्ञानस्वरूप ही परिणमन कर रही है, ज्ञेयस्वरुप नहीं. वस्तुतः ज्ञेयाकार परिणमन ज्ञान का ही परिणमन-प्रकाशन है। अतः ज्ञेयाकारों में एक सामान्य ज्ञान ही उछलता होने से वही अनुभव करने योग्य है।

यद्यपि जैन दर्शन में वस्तु सामान्य-विशेषात्मक कही गई है तथापि अधिक गहराई से सोचा जाए तो कारण शुद्ध पर्याय के रुप में सामान्य का विशेष तथा ज्ञान सामान्य के रुप में विशेषों के सामान्य की चर्चा भी आई है। १५ वीं गाथा की टीका में मतिश्रुतादि ज्ञान पर्यायों में विद्यमान सामान्य के आविर्भाव की चर्चा है। इस संदर्भ पर व्यक्त किए गए पूज्य गुरुदेवश्री के विचार द्दष्टव्य हैः-

''सामान्य ज्ञान का आविर्भाव'' अर्थात् त्रिकालीभाव का आविर्भाव यह बात नहीं है। सामान्यज्ञान अर्थात् शुभाशुभ ज्ञेयाकार रहित मात्र ज्ञान की पर्याय में प्रगटता। मात्र ज्ञान, ज्ञान का अनुभव-यह सामान्य ज्ञान का आविर्भाव है। ज्ञेयाकार रहित मात्र प्रगट ज्ञान वह सामान्य है, इसका विषय त्रिकाली है।''

*(प्रवचनरत्नाकर भाग १ (गुजराती) पृष्ठ २५९ पंक्ति १२ में १५)*

न्याय ग्रंथों में तो विभिन्न द्रव्यों में भी सामान्य-विशेषपना घटित किया गया है। जैसेः- वृक्षत्व सामान्य, पशुत्व सामान्य, मनुष्यत्व सामान्य आदि; तो विभिन्न पर्यायों में भी सामान्य-विशेषपना घटित हो सकता है। क्रोध-मान-माया-लोभादि विशेषों में कषायत्व सामान्य है। मतिज्ञान के ३३६ भेदों में भी मतिज्ञान सामान्य है। अतः ज्ञानपर्याय में विद्यामान ज्ञान सामान्य को स्वीकार करने में कई बाधा नहीं है।

श्री प्रवचनसारजी में सामान्य के दो रुप बताए हैं, तिर्यक् सामान्य और ऊर्ध्वता सामान्य ये दोनों त्रिकाली सामान्य के ही रूप हैं। त्रिकाली द्रव्य अपने संपूर्ण प्रदेशों में अनन्त गुणों-धर्मों में तथा त्रिकालवर्ती समस्त पर्यायों में व्याप्त रहता है। यही आत्मा का विज्ञानघन स्वभाव है। परन्तु यहाँ जिस ज्ञान सामान्य में विशेष ज्ञेयाकार परिणमन होता है उस ज्ञान सामान्य के आविर्भाव की चर्चा है। यह ज्ञान सामान्य पर्याय में व्यक्त जानन-जाननरूप है।

**प्रश्नः- पर्याय में विद्यमान ज्ञान-सामान्य का आर्विभाव करने से तो पर्यायदृष्टि हो जाएगी जबकि सम्यग्दर्शन तो द्रव्यदृष्टि करने से होगा?**

**उत्तरः-** ज्ञेयाकारों के भेद का तिरोभाव (गौण) और सामान्यज्ञान के आविर्भाव से ही द्रव्यद्दष्टि प्रगट होगी क्योंकि यह ज्ञान सामान्यरूप परिणमन त्रिकाली ज्ञानशक्ति का अथवा ज्ञायक का ही परिणमन है। जैसा ज्ञायकस्वभाव जानन शक्तिरुप है वैसा ही यह ज्ञानसामान्य ज्ञानमात्र व्यक्तिरुप है। इसकी प्रतीति या अवलम्बन से द्दष्टि व्यक्त पर्याय में अटकने के बजाए सीधे त्रिकाली अखण्ड ध्रुव स्वभाव में जायेगी। यह व्यक्त ज्ञान सामान्य मानो त्रिकाली ज्ञायक में जाने का प्रवेश द्वार है। ५० फुट चौड़े कमरे में प्रवेश करने के लिए ५० फुट चौड़ा दरवाजा नहिं चाहिए, ३ फुट का दरवाजा उस ५० फुट की चौड़ाई का ही खुला

अंश है। पण्डित टोडरमलजी ने भी प्रगट ज्ञान को स्वभाव का अंश कहा है।

जब हम चश्मे को दूर से देखते हैं तो उसका काँच दिखाई देता है, परन्तु चश्मा लगाने पर काँच नहीं दिखता बल्कि उसकी पारदर्शिता में से सामने वाले पदार्थ दिखने लगते हैं। इसी प्रकार यह ज्ञान सामान्य भी वह पारदर्शी काँच है जिसके आविर्भाव से त्रिकाली ज्ञायक दिखाई देता है। अतः ज्ञान सामान्य के आविर्भाव से त्रिकाली और क्षणिक के भेद रहित त्रिकाली अखण्ड ज्ञायक स्वभाव की प्रतीति होगी। यही १५ वीं गाथा की टीका का भाव है।

इस संदर्भ में पूज्य गुरुदेव द्वारा किया गया निम्न स्पष्टीकरण भी ध्यान देने योग्य हैः-

"जिसकी दृष्टि ज्ञायक पर है वह तो जानता है कि यह ज्ञान विशेष ज्ञान सामान्य में से आता है। ज्ञायक पर दृष्टि करते ही ज्ञान पर्याय का वेदन होता है इसी प्रकार ज्ञान पर्याय है तो सामान्य का विशेष परन्तु ज्ञेय द्वारा ज्ञान होने पर (ज्ञेयाकार ज्ञान होने पर) अज्ञानी को भ्रम हो जाता है कि यह ज्ञेय का विशेष है। वास्तव में जो ज्ञान पर्याय है वह सामान्यज्ञान का ही ज्ञान विशेष है। पर ज्ञेय का ज्ञान नहीं है, तथा वह परज्ञेय से भी नहीं हुआ है।"

*(प्रवचनरत्नाकर भाग १ (गुजराती)*
*पृष्ठ २६१ अन्तिम पैराग्राफ)*

निम्न दो पंक्तियों में इस विषय का भाव रसप्रद ढंग से स्पष्ट हो जाता हैः-

ज्ञेयाकार ज्ञान में भी कलाकार ज्ञान है।
ज्ञान में जो ज्ञान जाने वही भगवान है।।

जरा सूक्ष्मदृष्टि से विचार करें तो एक पर्याय में अनेक भाव होते हैं। कुमतिज्ञान पर्याय में 'कु' शब्द तो मिथ्यात्व के उदय को बतलाता है, मति शब्द ज्ञान के क्षयोपशम को बताता है। ओर ज्ञान शब्द ज्ञानमात्र पारिणामिकभाव को बताता है। इससे यह स्पष्ट होता है कि कुमतिज्ञान पर्याय में भी ज्ञानमात्र विद्यमान है।

द्रव्यसंग्रह तथा तत्वार्थसूत्र आदि ग्रंथों में उपयोग के १२ भेद कहे हैं जिनमें कुमति आदि तीन अज्ञान भी शामिल हैं। अतः उपयोग सामान्य भेदरुप न होते हुए भी इन बारह भेदों के अलावा और कहाँ मिलेगा?

इस प्रकार विशेषों में सामान्य देखने की प्रक्रिया भी विशेष को गौण करके सामान्य को मुख्य करने की प्रक्रिया ही है।

इस लेख का मुख्य उद्देश्य यही है कि जिनागम में समागत इन मुख्य चार शैलियों का भाव समझकर हम सभी ज्ञायक स्वभाव का अवलम्बन लेने के लिए उद्यमवन्त हों।

किसी एक कथन शैली को ही सर्वथा पकडकर अन्य शैली से कथन करनेवाले साधर्मियों को मिथ्यादृष्टि घोषित न करें।

इन चार शैलियों को उल्लेख करनेवाले सैंकडों आगम वचन ग्रंथों में उपलब्ध होते हैं, परन्तु यहाँ कुछ महत्वपूर्ण वचनों के माध्यम से ही अपनी बात कहने का प्रयत्न किया गया है।

गहन चिन्तक विद्वत्‌जनों से विनम्र अनुरोध है कि इस विषय पर अपने विचारों से अवगत कराकर मुझे अनुग्रहीत करने का कष्ट अवश्य करें।

**– पंडित श्री अभयकुमारजी जैन**
१७ कहान नगर, लाभ रोड, देवलाली
०२५३-२४९५३९३

# ''દૃષ્ટિનો વિષય અને ભેદજ્ઞાનની પ્રક્રિયા ને પ્રયોગ''

*ध्रुव की ध्रुव परिणति एवं परिणामों का ध्रुव प्रवाह ज्ञेय, ध्येय और श्रद्येय का स्वरूप ५ उंगली को माध्यम से प्रस्तुत करके अनेक भ्रांतियों का प्रहालन करके दृष्टि के विषय को प्रस्वृत कर रहे हैं भरतभाई शेठ (राजकोट)*

## શુદ્ધાત્મદ્રવ્યસ્વરૂપ

વર્તમાનમાં આપણે જે દ્રવ્ય-ગુણ-પર્યાયની ચર્ચા કરી શકીએ છીએ, તે સર્વે પૂજ્ય ગુરુદેવશ્રીનો જ પ્રતાપ છે. જીવમાં રાગ થાય છે અને નથી થતો; જીવ શુદ્ધ પર્યાયનો કર્તા છે અને નથી; અપરિણામી ભૂતાર્થ સ્વભાવનું શ્રદ્ધાન જ સમ્યગ્યદર્શન છે અને વળી સ્વપરપ્રકાશક એવું પોતાનું 'જ્ઞાતૃતત્ત્વ' તથા ત્રણકાળ ત્રણલોકરૂપી 'જ્ઞેયતત્ત્વ' નું શ્રદ્ધાન પણ સમ્યગ્દર્શન છે-આવા અટપટા છતાં સુંદર અનેકાન્તિક આત્મદ્રવ્યને પૂજ્ય ગુરુદેવશ્રીએ દૃષ્ટિપ્રધાન તથા જ્ઞાનપ્રધાન શૈલીથી સાદી ભાષામાં સમજાવ્યું છે.

અનંત અને અચિંત્ય મહિમાવંત આત્મદ્રવ્યને બતાવનારા શાસ્ત્ર સમુદ્રનું મંથન કરી તેમાં ગૂઢ રીતે રહેલા બે રત્નો 'કારણશુદ્ધપર્યાય' તથા 'ક્રમબદ્ધપર્યાય' તેઓશ્રીએ મૌલિક રીતે શોધી, તેનું મુમુક્ષુ સમાજ સમક્ષ વિસ્તારથી પ્રતિપાદન કર્યું છે. આ બન્ને પર્યાય હોવા છતાં તેનું સ્વરૂપ સમજતાં તે પર્યાયદૃષ્ટિ છોડાવી દ્રવ્યદૃષ્ટિ કરાવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ બતાવેલ એક દ્રવ્યપર્યાયાત્મક આત્મદ્રવ્યને આપણે ચાર આંગળીથી સમજીશું. (આત્મદ્રવ્ય સ્થાપનાનયે સર્વ પુદ્ગલને અવલંબનારું છે-શ્રી પ્રવચનસાર નય ૧૩)

એક ધ્રુવ દ્રવ્યસ્વભાવને (૧) તથા (૨) રૂપે સમજીશું.

(૧) ધ્રુવ સામાજ્ય :- અસંખ્ય પ્રદેશમાં વ્યાપક અનંત ગુણાત્મક દ્રવ્ય-જેના દરેક ગુણમાં અનાદિ અનંત ક્રમબદ્ધ પ્રગટ થવાવાળી ભૂત તથા ભવિષ્યની અનંત પર્યાયોની યોગ્યતા દરેક સમયે પારિણામિક ભાવે નિમગ્ન હોય છે. આ પર્યાયોમાં અત્યાર સુધી વ્યય થઈ ગયેલી પર્યાયો ભૂતકાળની યોગ્યતાપણે તથા હવે પછી પ્રગટ થવાવાળી પર્યાયો ભવિષ્યકાળની યોગ્યતાપણે નિમગ્ન હોય છે. વર્તમાન પર્યાય (૩) પ્રગટ છે જે આ સ્વભાવથી (કથંચિત્) ભિન્ન રહીને તેનો નિર્ણય કરે છે.

આધાર : શ્રી સમયસાર ગાથા-૪૯, અવ્યક્ત બોલ-૩, શ્રી તત્ત્વાનુશાસન ગાથા-૧૯૨

(૨) ધ્રુવ વિશેષઃ- દરેક ગુણની વર્તમાન વર્તતા પૂજિત પંચમભાવ પરિણતી-કારણશુદ્ધપર્યાય, જે દરેક સમયે સકળ નિરાવરણ પૂર્ણપણે વર્તી રહી છે. જે નિર્મળ ચૈતન્યમય ઉત્પાદ પર્યાય (૩) પ્રગટે છે તેના પૂર્ણ કારણપણે વર્તી રહી છે. શુદ્ધપર્યાય પોતાની યોગ્યતાનુસાર જેટલા પુરુષાર્થથી કારણપરમાત્માને કારણ બનાવી પ્રગટ થાય છે તે સર્વનું કારણપણું આમાં છે. ધ્રુવમાં ધ્રુવનો પ્રતિભાસ-

ધ્રુવના સ્વરૂપને જાણનારું સ્વરૂપ પ્રત્યક્ષ જ્ઞાન, સ્વરૂપ શ્રદ્ધાન માત્ર કારણ દૃષ્ટિ, સ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ સહજ યથાખ્યાત ચારિત્ર, તેના ફળરૂપ સહજ આનંદનો ભોગવટો વગેરે રૂપે દ્રવ્યગુણપર્યાયાત્મક દ્રવ્યનું પૂર્ણપણું દર્શાવી વ્યક્ત પર્યાયની દૃષ્ટિ છોડાવી દે છે.

આધાર : શ્રી નિયમસારની ઘણી ગાથાઓ. પૂજ્ય ગુરુદેવશ્રીના તે ઉપરના પ્રવચનો

ઉપરોક્ત બે ભેદ ધ્રુવમાં રહેલ વૈભવનો મહિમા કરાવી સમજાવવા માટે કરેલ છે. વ્યાસ્તવમાં બન્નેનું અભેદળણું તે જ એક ધ્રુવસત્તા દૃષ્ટિનો વિષય-કારણપરમાત્મા-પરમ પારિણામિકભાવ છે.

***કર્તા કર્મ ક્રિયા ભેદ નહીં ભાસતું હૈ,***
***અકર્તુત્વ શક્તિ અખંડ રીતિ ધરે હૈ.***
***યાહીં કે ગવેષી હોય જ્ઞાનમાંહી લખિ લીજૈ,***
***જ્ઞાનકી લખની યા અનંત સુખ ભરે હૈ.***

પરમાગમના રહસ્યોનો ઉકેલ કોઈપણ કથન તે કઈ અપેક્ષાનું છે તે જાણી નીચે મુજબ ચાર પ્રકારથી થઈ શકે-

કથન શૈલી બે પ્રકારની હોય છે- દૃષ્ટિપ્રધાન તથા જ્ઞાનપ્રધાન

દૃષ્ટિ સ્વભાવથી જ એકાંતિક અને નિર્વિકલ્પ હોય છે.

જ્ઞાન સ્વભાવથી જ અનેકાંતિક અને સવિકલ્પ હોય છે

બન્ને શૈલીમાં :- દૃષ્ટિનો વિષય=શુદ્ધનયનો વિષય

(૧) દૃષ્ટિપ્રધાન-દૃષ્ટિનો વિષય (સમયસાર ગાથા ૧૧) (૧+૨) આંગળીનું અભેદપણું જે દૃષ્ટિના વિષય તરીકે પ્રસિદ્ધ છે. આશ્રય કરવાયોગ્ય-ઉપાદેય સ્વરૂપ. નિષ્ક્રિય શુદ્ધ પરમપારિણામિકભાવ. તેને વિષય કરવાવાળી (૩) ઉપયોગ પર્યાય છે.

(૨) જ્ઞાનપ્રધાન-દૃષ્ટિનો વિષય (પ્રવચનસાર ગાથા ૧૯૨, ૨૦૦) (૧+૨+૩) આંગળીનું અભેદપણું, જે જ્ઞાનની મુખ્યતાથી અખંડ સ્વપરપ્રકાશક ઉપયોગમયી આત્માને અભેદપણે જાણવું તે જ્ઞાનપ્રધાન શુદ્ધનય અથવા અનુભવનો વિષય. આમાં આશ્રય કરવાયોગ્ય (૧+૨) નું અભેદ પરમપારિણામિકભાવ ગર્ભિતપણે હોય જ છે.

(૩) દૃષ્ટિપ્રધાન-જ્ઞાનનો વિષય (સમયસાર ૪૯ શક્તિ) (૧+૨)નું અભેદપણું નિશ્ચયનયનો વિષય+(૩) તેના આશ્રયે પ્રગટતી ચૈતન્યમય શુદ્ધ પરિણતી-બન્નેનું ભિન્નપણે જ્ઞાન થવું-અધ્યાત્મ પ્રમાણજ્ઞાન.

(૪) જ્ઞાનપ્રધાન-જ્ઞાનનો વિષય (પ્રવચનસાર ૪૭ નય) (૧+૨)નું અભેદપણું-નિશ્ચયનયનો વિષય + (૩) શુદ્ધપર્યાય તથા (૪) અશુદ્ધ પર્યાય-વ્યવહારનય સર્વેનો અધિષ્ઠાતા એક આત્મદ્રવ્ય છે એમ જાણવું-આગમ પ્રમાણજ્ઞાન.

ચારિત્રનું સ્વરૂપ તો મોક્ષમાર્ગના ઉત્તરકાળમાં આવે છે.

પ્રાથમિક મુમુક્ષુ જીવોએ તો ઉપલક દૃષ્ટિએ વિરોધી દેખાતાં દૃષ્ટિ તથા જ્ઞાનના સ્વરૂપને કોઈનો પણ એકાંત પક્ષ ન થઈ જાય તેની સાવધાની રાખી, અવિરોધપણે મધ્યસ્થભાવે સમજીને સાધવા. પૂજ્ય ગુરુદેવશ્રીએ બતાવેલ માર્ગ પર ચાલી આપણે સૌ પણ તેમની સાથે સ્વરૂપસ્થ થઈએ એ જ ભાવના.

## દ્વિરૂપ એકરૂપ શુદ્ધ જ્ઞાયકભાવ

-: 'શુદ્ધનયનો વિષય-જ્ઞાયકભાવ' લેખ સંબંધી સાદી સમજણ-પ્રશ્નોતરરૂપેઃ-

**પ્રશ્ન-૧ઃ** હે ગુરુદેવ! આપ પરમપારિણામિકભાવે રહેલ શુદ્ધાત્મદ્રવ્યનો મહિમા કરી તેની ઉપર દૃષ્ટિ આપવાનો ઉપદેશ આપો છો. આ શુદ્ધાત્મા પરિણામમાત્રથી સર્વથા ભિન્ન છે. શુદ્ધ પરિણમન ક્રિયા, આનંદનું વેદન, જાણનક્રિયા વગેરે બધું પરિણામમાં થાય છે. શુદ્ધાત્મા તે બધાથી સર્વથા રહિત છે તથા નિષ્ક્રિય અને અપરિણામી છે તો એવા શુષ્ક શુદ્ધાત્માનો મહિમા કેમ આવે તથા તેનો અનુભવ શા માટે કરવો?

**ઉત્તર-૧ઃ** દૃષ્ટિનો વિષય શુદ્ધાત્મા સાપેક્ષ પરિણામથી રહિત અપરિણામી છે તે વાત સાચી છે. પરંતુ તે શુષ્ક-કુટસ્થ નથી, જાગૃત જીવંત છે. તેમાં ઉત્પાદ-વ્યય વગરનું એક સદ્દેશ ધ્રુવ પરિણમન-કારણશુદ્ધપર્યાય છે. તેમાં ભલે અનેકરૂપે થવાયોગ્ય ઉત્પન્ન થતી ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયનું કર્તુત્વ, તેવા આનંદનું ભોક્તૃત્વ તથા જાણવાની ક્રિયા ન હોય પરંતુ પરિપૂર્ણ શુદ્ધ ચેતના પરિણામ, તેના ફળરૂપ શુદ્ધ આનંદ ચેતના

સહજ વીર્યના સ્ફુરણનું પરિપૂર્ણપણું, સહજ પોતાના જ સ્વરૂપનું અવિચળ શ્રદ્ધાવાનપણું, સ્વરૂપમાં જ અવિચળ સ્થિતિરૂપ યથાખ્યાત ચારિત્રપણું વગેરે અનંત ધ્રુવ પરિણમન છે.

જે જે ભાવને પર્યાયમાં પ્રગટાવવાની તમને ભાવના છે તે સર્વ ભાવ દ્રવ્યમાં કારણપણે પૂર્ણ વર્તી રહ્યા છે. આ પરિણમનને ધ્રુવ વિશેષ અથવા કારણશુદ્ધપર્યાય કહે છે, જે એવો ને એવો રહેતો એક સમયનો પર્યાય છે. આ પર્યાય એવી છે કે તે વિશેષ પર્યાયની દૃષ્ટિ છોડાવી દે છે અને દ્રવ્યના પરિપૂર્ણ અનંત મહિમામયી સ્વરૂપની દૃષ્ટિ કરાવે છે. *(શ્રી નિયમસાર ગાથા : ૭૭-૮૧)*

વળી તમે એક સમયના પરિણામનું કર્તુત્વ, ભોક્તૃત્વ અને જાણનક્રિયાથી સહિતપણું ઈચ્છો છો, પરંતુ શુદ્ધાત્મામાં તો એવી અનંત પર્યાયો નિમગ્ન છે. ઉત્પાદ-વ્યયરૂપ પરિણમનની સાથે સાથે અન્વયરૂપ રહેવાવાળા ધ્રુવમાં દરેક સમયે વર્તમાન ઉત્પાદ પર્યાયને બાદ કરતાં ભૂત ભાવિની સમસ્ત પર્યાયો અક્રમે નિમગ્નપણે હોય છે. (શ્રી સમયસાર, ગાથા-૪૯, અવ્યક્તઃ બોલ નં. ૩)

સમયે સમયે ભવિષ્યની પર્યાયની યોગ્યતા વર્તમાનરૂપે થઈ, વર્તમાન પર્યાય બીજા સમયે ભૂતકાળની યોગ્યતારૂપે થતી જાય છે. આવું ધ્રુવ પરિણમન, ઉત્પાદ-વ્યયરૂપ ક્રમબદ્ધપર્યાયની સાથેને સાથે રહ્યા જ કરે છે, વહ્યા જ કરે છે. ભવિષ્યમાં પ્રગટ થવાવાળી અરિહંત તથા સિદ્ધની અનંત અવસ્થાઓ વર્તમાનમાં નિમગ્ન છે. (શ્રી તત્ત્વાનુશાસન ગાથાઃ ૧૯૨) તો જેમાં સમસ્ત વ્યક્તિઓ નિમગ્ન છે એવા ધ્રુવનો મહિમા છૂટી તમને ક્ષણિક વ્યક્તિનો મહિમા કેમ આવે?

આમ ઉપરોક્ત બન્ને પ્રકારના પરિણમનવાળા ધ્રુવને દૃષ્ટિમાં લેતાં તેનો અનંત મહિમા આવે છે. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય જરૂર પ્રાપ્ત થાય જ!

**પ્રશ્ન-૨ :** હે સ્વામિન્! આમાં તો પરિણામી દ્રવ્ય ઉપાદેય છે એમ સિદ્ધ થાય છે!

**ઉત્તર-૨ :** લોકો જેને પરિણામ કહે છે તેવા સાપેક્ષ ક્ષણિક ઉત્પાદ-વ્યયવાળા પરિણમનની આ વાત નથી. આ તો તદ્દન નિરપેક્ષ ઉત્પાદ-વ્યયરહિત

ધ્રુવ પરિણામની વાત છે. આવા ધ્રુવ પરિણામથી અભેદ કારણપરમાત્માને દૃષ્ટિમાં લેતાં તેમાં પ્રમાણના પરિણામી દ્રવ્ય કે વ્યક્ત પર્યાય ઉપર દૃષ્ટિ નથી જતી પરંતુ ઉલટું તેની દૃષ્ટિ છૂટી અપરિણામી દ્રવ્યની જ દૃઢપણે દૃષ્ટિ થાય છે.

**પ્રશ્ન-૩ :** હે પ્રભુ! આજે તો આપે શુદ્ધાત્મદ્રવ્યના અદ્‌ભુત ધ્રુવ પરિણમનની વાત કરી તેથી અમને રોમાંચ ઉલ્લસે છે. એક બીજો પ્રશ્ન થાય છે. ભગવાનની વાણીમાં ચૈતન્ય અનુવિધાયી પરિણામ-ઉપયોગની વાત પણ આવે છે. આ ઉપયોગનું સ્વરૂપ કૃપા કરી સ્પષ્ટ કરશો!

**ઉત્તર-૩ :** હે ભવ્ય! આ ઉપયોગ બે રૂપવાળો છે.

એક ધ્રુવરૂપ કારણસ્વભાવજ્ઞાનોપયોગ છે, જેનું સ્વરૂપ ઉપર વર્ણન કરેલ છે.

બીજું આ જ ઉપયોગ વ્યાપીને ઉત્પાદરૂપ થાય છે. (શ્રી પ્રવચનસાર, ગાથાઃ ૧૨૭) હવે ઉત્પાદરૂપ ઉપયોગને પણ બે રૂપે જોઈ શકાય છે.

એક ચૈતન્યના પરિણમનરૂપ સામાન્ય ઉપયોગ જે અનાદિ અનંત જીવના પ્રસિદ્ધ લક્ષણરૂપે છે- કર્મ ઉપાધિ નિરપેક્ષ છે.

આ ઉપયોગ અજ્ઞાન અવસ્થાકાળે જ્ઞાન, દર્શન, વીર્યના અંશરૂપે પ્રગટ હોય છે, જે તિરોભાવરૂપે હોય છે. સાધક અવસ્થામાં અંશે આવિર્ભાવરૂપે થઈ સર્વગુણો પ્રગટે છે અને વૃદ્ધિગત થતો જાય છે અને સિદ્ધ અવસ્થામાં પૂર્ણ આવિર્ભાવરૂપે હોય છે.

બીજું દ્રવ્યમાં રહેલી યોગ્યતા અનુસાર ક્રમબદ્ધ થવાયોગ્ય અનેક વિશેષતાઓવાળો વિશેષ ઉપયોગ- જેમાં કર્મનો સદ્‌ભાવ અને અસદ્‌ભાવ નિમિત્ત હોય છે. કર્મના સંબંધથી રંગ, રાગ અને ભેદરૂપે થતો હોવાથી સ્વભાવ દૃષ્ટિએ આ વિશેષો પુદ્‌ગલના પરિણામ કહેવામાં આવે છે. આ ઉપયોગ ઔદયિક આદિ ચાર ભાવરૂપે અથવા પુણ્ય-પાપ આદિ સાત તત્ત્વરૂપે હોય છે.

*(શ્રી સમયસાર ગાથા ૫૦ થી ૫૫)*

સામાન્ય ઉપયોગમયી શુદ્ધાત્મા, ઉત્પાદ-વ્યય-ધ્રુવાત્મક હોવા છતાં સદૃશ એકાકાર અને નિરપેક્ષ હોવાથી એક છે, શુદ્ધ છે, ધ્રુવ છે, માટે ઉપલબ્ધ કરવા યોગ્ય છે.

*(શ્રી પ્રવચનસાર ગાથા : ૧૯૨)*

કારણશુદ્ધપર્યાયમયી સ્વરૂપ તે દ્રવ્યનું ધ્યેયરૂપ છે અને આ ઉપયોગમયી સ્વરૂપ તે દ્રવ્યનું જ્ઞેયરૂપ છે. આમ શુદ્ધાત્મદ્રવ્ય બેરૂપવાળો છે! તેને ગ્રહણ કરનારી ચેતના બે રૂપવાળી છે.

ધ્યેયરૂપ અનુભૂતિ સ્વરૂપ છે અને ઉપયોગમાં તે અનુભવમાં આવે છે-આમ અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવે છે! એ જ્ઞેયરૂપ છે.

**પ્રશ્ન-૪ :** હે સ્વામિન! આવી વ્યક્ત જ્ઞાનપર્યાય કોને જાણે છે?

**ઉત્તર-૪ :** (૧) જ્ઞાનપર્યાય ઉપાદેયપણે કારણપરમાત્માને જ જાણે છે.

(૨) જ્ઞાનપર્યાય શુદ્ધાત્માથી અભિન્ન હોવાથી તે તન્મયપણે શુદ્ધપર્યાય પરિણત આત્માને જાણે છે અને અનુભવે છે, સ્વ જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય અભેદ છે.

(૩) તે પર્યાયની સહજ સ્વચ્છતા જ એવી છે કે તેમાં સમસ્ત જ્ઞેયનું જ્ઞાન પણ વિદ્યમાન છે તેથી સ્વપરપ્રકાશક છે.

આ જ્ઞાનની પર્યાય એક અને અખંડ હોવા છતાં તે સ્વભાવથી જ સવિકલ્પ અને અનેકાન્તિક હોવાથી તેમાં પ્રતિભાસીત થતાં સમસ્ત જ્ઞેયોને તે ભિન્ન-ભિન્ન જાણવાના સામર્થ્યવાળી છે. આમ, આત્મજ્ઞ કહો કે સર્વજ્ઞ કહો, એક જ વાત છે. જાણનારો જણાય છે કે સર્વને જાણે છે તે એક જ વાત છે!

**પ્રશ્ન-૫ :** આ રીતે જ્ઞાનનો સ્વપરપ્રકાશક સ્વભાવ જાણીશું તો પરનું લક્ષ નહીં થઈ જાય?

**ઉત્તર-૫ :** નહીં, નહીં, હે ભવ્ય! આ રીતે પર જણાય છે તેમાં પરની સન્મુખતા કે લક્ષની વાત જ નથી. પોતાની સન્મુખ રહીને જ પરને જાણે છે. ખરેખર તો પરને જાણતો જ નથી, પરંતુ પોતાના જ્ઞાનના સ્વપરપ્રકાશક સામર્થ્યને (જ્ઞાનની પર્યાયને) જ જાણે છે. જેવો સ્વભાવ છે તેવો જાણશો તો તેવા શક્તિમયી દ્રવ્ય ઉપર દૃષ્ટિ જશે, પરની દૃષ્ટિ છૂટી જશે. આવા પોતાના જ અનંત જાણવાનાં સામર્થ્યને જ્ઞાન-શ્રદ્ધામાં નથી લીધું, તેથી જ પરસન્મુખ ઉપયોગ મૂકી એક એક પરને જાણવા માટે ઉપયોગ ભમે છે. આવું ઈન્દ્રિયજ્ઞાન તે જ્ઞાન જ નથી. જ્યારે સર્વજ્ઞ સ્વભાવને શ્રદ્ધામાં લઈ તેમાં જ લીન થશો ત્યારે જ પરનું લક્ષ કરી જાણવાવાળા ઈન્દ્રિયજ્ઞાનનો ક્ષય થઈ સર્વને જાણનાર પરિપૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થઈ જશે.

માટે હે ભવ્યાત્મા! આવા અચિંત્ય મહિમામયી જ્ઞાનસ્વભાવ પ્રત્યે શંકા કરી તેનો નિષેધ ન કરો, પરનું લક્ષ થઈ જશે એવો ભય ન રાખો. અલૌકિક બેહદ જ્ઞાનસ્વભાવને પ્રસન્નચિત્તથી નિશ્ચિંતપણે સેવો-તેનો મહિમા અનંત છે.

**પ્રશ્ન-૬ :** આજે તો આપે અદ્‌ભુત શુદ્ધાત્માના બે રૂપની વાત કરી. અમારે કયું રૂપ દૃષ્ટિમાં લેવું?

**ઉત્તર-૬ :** બંને સામાન્ય શુદ્ધાત્મદ્રવ્યના જ રૂપ છે. કારણશુદ્ધ પર્યાયમયી (ધ્યેય) સ્વરૂપ દૃષ્ટિપ્રધાન દૃષ્ટિનો વિષય છે અને ઉપયોગમયી (જ્ઞેય) સ્વરૂપ જ્ઞાનપ્રધાન દૃષ્ટિનો વિષય છે.

હે ભવ્ય! ઉપરોક્ત બે રૂપમાંથી કોઈપણ બીજા રૂપનો નિષેધ કરી એકરૂપને જ આગ્રહપૂર્વક ગ્રહણ કરવાનો પ્રયત્ન કરતાં સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. પરંતુ બન્ને રૂપને મહિમાપૂર્વક સારી રીતે સમજી, મધ્યસ્થભાવે કોઈપણ એકરૂપને યથાર્થ ગ્રહણ કરતાં, બન્ને રૂપવાળા સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. કારણ કે શુદ્ધાત્માને ગ્રહણ કરવાવાળી ચેતના બે રૂપવાળી છે.

જેમકે ધ્યેયને ગ્રહણ કરતાં ગ્રહણ કરવાવાળી પર્યાય કથંચિત્ તન્મય થઈ ધ્યેયને દૃષ્ટિમાં લેતી હોવાથી જ્ઞેયનું જ્ઞાન થાય છે. ધ્યેય જ્ઞેયમયી શુદ્ધાત્માનો અનુભવ થાય છે.

જ્ઞેયને યથાર્થપણે જાણતાં, જ્ઞાન જ સહજ વિવેક કરે છે કે સમયે સમયે પ્રગટ થતાં ઉત્પાદ-વ્યય જેના આધારે થાય છે તે અનંત શક્તિમયી ધ્યેય જ મુખ્ય છે. તેથી ધ્યેયની દૃષ્ટિ થાય છે. ધ્યેય જ્ઞેયમયી શુદ્ધાત્માનો અનુભવ થાય છે.

આમ સ્વાનુભૂતિ પહેલાના પ્રયોગના પ્રકારમાં અંતર હોવા છતાં નિર્વિકલ્પ અનુભવ એક જ પ્રકારનો થાય છે. *(શ્રી સમયસાર કળશ : ૧૩)*

માટે, અચિંત્ય મહિમાયુક્ત બેમાંથી જે કોઈપણ રૂપ સ્વકાળે સહેજે દૃષ્ટિમાં આવે તેનું ઉલ્લસિત વીર્યથી સેવન કરો! તમને નિશ્ચિતપણે શુદ્ધાત્મસ્વરૂપના જ દર્શન અને અનુભવ થશે.

*(પૂજ્ય ગુરુદેવશ્રી : 'સમયસાર સિદ્ધિ' ભાગ-૯ પાના નં. ૧૬૨ થી ૧૬૮ (શ્લોક ૧૮૩) પાના નં. ૩૮૧ થી ૩૮૪ (ગાથા ૩૧૬)*

- **ભરતભાઈ શેઠ** ***(રાજકોટ)***
મો. ૦૯૬૮૭૫૧૪૬૧૧

# दृष्टि का विषय

– ब्र. हेमचंद जैन

''दृष्टि का विषय''- इन शब्दों का प्रयोग ''निश्चय सम्यग्यदर्शन का वियष बतलाने के लिये सर्व प्रथम २० वीं शताब्दी के युग पुरुष श्री कानजी स्वामी सोनगढ़ (१८९०-१९८० ईस्वी) ने किया, जिसकी खोज-शोध उन्होंने सम्प्रदायातीत होकर वस्तुनिष्ठा विज्ञानी बनकर प. पू. कुन्दकुन्दाचार्य देवद्वारा विर चित पंचपरमागमों-समयसार, प्रवचनसार, नियमसार, पंचस्तिकाय संग्रह, अष्टपाहुड़आदि ग्रन्थों पर से तथा उन ग्रन्थों की टीकाओं-आत्मव्याति, तात्पर्यृत्ति आदि पर से की और उसे जन-जनकी वस्तु बना दिया। उन्होंने जिसके आश्रय से शुद्धात्मानुभूति रूप निश्चयसम्यग्दर्शन ज्ञान चारित्र की प्राप्ति होती हैं ऐसे नोकर्म, द्रव्यकर्म, भावकर्म से रहित निज ध्रुव चिदानन्दात्मा-कारणपरमात्मा, कारणसमयसार, परमपारिणामिक भाव, एकरूप चिद्रूपभाव, ज्ञायक, गुणस्थानातीतमार्गणास्थानातीत-निकल्पातीत अतीन्द्रिय महापदार्थ चिदानन्दघन आत्मा को दृष्टि का अर्थात श्रद्धा व ज्ञान का विषय कहा है उसमें अहंपना सम्यग्दर्शन उसको अहं रूप जानना सम्यग्ज्ञान और उसमे अहंपने रूप लीनता-रमणता सम्यक्चारित्र है। और इनके संत निमित्त बीतरागी देव-शास्त्र-गुरु एवं जीवादि प्रयोजन भूत तत्त्वार्थोका श्रद्धान-ज्ञान-चारित्र व्यवहार सम्यग्दर्शन ज्ञान-चारित्र है।

वर्तमान में मुमुक्षु जगत में दृष्टि के विषय के ऊपर बहुत चर्चा चलती है। कोई तो ''जितना ज्ञान का ज्ञेय उतना श्रद्धा का श्रद्धेय' मानते हैं अर्थात् द्रव्य-गुण-पर्याय सहित प्रमाण का विषय दृष्टि का विषय मानते हैं; कोई पर्याय रहित द्रव्य-गुण और परस्परविरोधी नित्य-अनित्यादि धर्मयुगलों सहित दृष्टि का विषय मानते हैं तथा कोई पर्यायार्थिकनय के वियष को छोड़कर मात्र शुद्ध द्रव्यार्थिक नय के विषय को दृष्टि का विषय मानते हैं। वस्तुतः दृष्टि के विषयमे पर्याय शामिल है या नहीं यह मूल चर्चा के बिन्दु है। इस विषय का उद्गम समयसार गाथा-६-७ से हुआ है। जिसमें गुणस्थानातीत-पर्यायतीत एवं गुणों के भेद विकल्प से भी रहित त्रिकालशुद्ध रहने वाले एक ज्ञायक भाव को ही शुद्धात्मा कहा है। जब ऐसे गुणो के पिण्ड शुद्धात्मा में गुण भेद के विचार-विकल्प को भी शामिल नहीं किया गया तब क्षण-क्षणवर्ती शुद्ध-अशुद्ध पर्यायों को कैसे शामिल किया जा सकता है? इन सर्वप्रकार की जिज्ञासाओं का समाधान प्रस्तुत करते हुए आदरणीय डॉ. हुकमचन्दजी भारिल्ल ने सन २००१ में ''दृष्टि का विषय'' नामक एक पुस्तक लिखा और प्रकाशित कर दिया जोआद्यो पान्त पढ़ने योग्य है। अब इसी पुस्तक के आधार से सन २००१ में सिविल इंजीनियर श्री रजनी भाई गोसलीया मेरीलैण्ड, यू. एस. ए. ने गुजराती भाषा में ''दृष्टि नो विषय''- एक पाठ्य पुस्तक प्रकाशित की है जो वस्तुतः एक पाठयपुस्तक यथानामतथा गुण को चरितार्थ करती है। इससे भी पूर्व सन् १९७७ में जैन जगत के प्रख्यात विद्वान् बाबू जुगलकिशोर जी 'युगल (कोटा) द्वारा लिखित ''सम्यग्दर्शनकाविषय'' लेख आगमपथ नामक पत्रिका में प्रकाशित हुआ था जिसकी प्रशंसा स्वयं पू. गुरुदेवश्रीने भी की थी। अब वही लेख ''चैतन्य की चहल-पहल'' नामक पुस्तिका में प्रकाशित हुआ है जिसमें उनके चिन्तन का एक वाक्य कि ''सम्यग्दर्शन के घर में स्वयं सम्यग्दर्शन के रहने के लिये भी कोई जगह नहीं, उसने अपना कोना-कोना ध्रुव के लिये खाली कर दिया।'' अध्यात्म रसिकजनों के कंठ का हार बन गया।

**''जीवो उवओगमओं या उपयोगो लक्षणम्''** (उपयोग जीव का लक्षण है) ऐसा जिनागम कहता है, उस पर विचार करते हैं ।

चैतन्य-अनुविधायी परिणाम होने से ज्ञान-दर्शन स्वरूप उपयोग आत्मा का स्वभाव ही है। सब जीवों

के इस उपयोग लक्षण ज्ञान में स्व और पर दोनों का युगपत् प्रकाशन होता ही रहता है केवली भगवन्तों के सकलप्रत्यक्ष रूप और हम छद्मस्थों के परोक्ष रुप जानन देखन क्रिया चलती ही रहती है। आत्मा के इस स्व-पर प्रकाशक स्वभाव में काल क्रम भेद नहीं होता, क्योंकि यह प्रतिसमय वर्तने वाले जीव का स्वभाव ही है। चाहे निगोदियाजीव का अक्षर के अनन्तवें भाग रूप अल्पतम निरावरण ''पर्याय'' नामक क्षायो-पशमिक ज्ञान हो या केवली का पूर्ण निरावरण क्षायिकज्ञान हो-दोनों प्रकार के ज्ञानों में स्व और पर का यथायोग्य प्रकाशन (जानना) युगपत् वर्तता ही रहता है। यह ज्ञान प्रकाश ही जीव के जीवत्व का व्यक्त प्रतिनिधि है। तब फिर ज्ञानी-अज्ञानी का भेद क्या रहा?

अज्ञानी को (१) देह में एकत्व वुद्धि (२) पर की कर्त्ताबुद्धि (३) विषयों में सुखबुद्धि (४) पुण्य में धर्म बुद्धि होने से (५) पापोदय से मिले प्रतिकूल संयोगों को (रोग-शोक) को दूर करने की इच्छा और (६) पुण्योदय से मिले अनुकूल संयोगों को भोगने की इच्छा एवं विषय-

ज्ञानी को परद्रव्य-पर भावों से भिन्न निज शुद्धात्मा का स्व-सवेदन प्रत्यक्ष अनुभव हुआ होने से सर्वप्रकार की भ्रमबुद्धियों का अभाव हो जाने से शुद्धात्मामिमुख उपयोग स्वरूप शुद्धोपयोग का ही पुरुषार्थ चला करता है। जब किसी तत्त्वविचारकअज्ञानी (मिथ्यादृष्टि) जीव को किसी आत्मज्ञानी की देशना के श्रवण-ग्रहण-धारण-और निर्धारण पूर्वक स्व-पर का विवेक जाग जाता है, राग की ज्ञान से भिन्नता भासित हो जाती है, तब वह जीव शुद्धात्माभिमुख उपयोग वाला होकर शुद्धात्मानुभव प्रगट कर लेता है। राग-द्वेषादि परिणाम निजचैतन्य सत्ता से पृथक भासने लगते हैं) उनमें एकत्व का अध्यास मिट जाता है। निर्मल सम्यग्दर्शन-ज्ञान-चारित्र की ऐक्यता रूप मोक्षमार्ग प्रगट हो जाता है। तात्पर्य यह है कि जो ज्ञान पाँच इन्द्रियों व छठवें मन के द्वारा क्षयोपशमरूप मिथ्यात्वदशा में कुमति कुश्रुतरुप हो परलक्षी हो इन्द्रिय-विषयों को जानने में लग रहा था, वह ज्ञान सब ओर से सिमट कर केवल स्वरूपसन्मुख हो निर्विकल्प स्वसंवेदना प्रत्यक्ष पूर्वक मति-श्रुत रूप सम्यग्ज्ञान रुप प्रवर्तता है। ऐसा वर्णन समयसार गाथा १४४ आत्मख्याति टीका में है।

उपरोक्त विवेचन से तो यह सिद्ध हुआ कि निश्चय से विषय-विषयी संबन्धी (ज्ञान-ज्ञेय में होता है) अपने ज्ञान का उसमें जाने गये ज्ञेय से ही होता है अर्थात् ज्ञान पर्याय विषयी और ज्ञात हुआ ज्ञेय पदार्थ विषय होता है। तब फिर ''दृष्टि का विषय'' इस वचन में दृष्टि का अर्थ 'सम्यग्दर्शन' न होकर ''ज्ञान'' हुआ-कहलायेगा? हां, यह सत्य है तथापि ''इस न्याय से संशयादि रहित ज्ञान ही श्रद्धा-प्रतीति में अवतरित होता है अतः दृष्टि शब्द का प्रयोग प्रकरण अनुसार भिन्न-भिन्न अर्थों में किया जाता है जो वक्ता के अभिप्राय पर निर्भर करता है। *(क्रमशः)*

**ગુરુપ્રસાદ સાથે ઈ-મેઈલથી સંપર્ક કરવા અમારું ઈ-મેઈલ એડ્રેસ નોંધી લેશોજી.**

**Dear Readers**

***Pl. note down email addresses :***

**1) 1987guruprasad@gmail.com 2) guruprasad.devlali@gmail.com 3) creativesamir@gmail.com**

કહાનનગર, દેવલાલીના કાર્યક્રમોનું લાઈવ ટેલીકાસ્ટ કોમ્પ્યુટર પર

**www.guruprasaddevlali.com.** (*user Id* : **cctv**) (*Password* : **cctv**)

# પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ, ના ઉપક્રમે કહાનનગર, દેવલાલી મધ્યે

## શ્રી રમણીકભાઈ સાવલા સ્વાધ્યાય પરિવાર તરફથી

## શ્રી અષાઢ નંદિશ્વર અષ્ટાન્હિકા પર્વ નિમિત્તે

## શ્રી નિયમસાર મહામંડલ વિધાન પૂજન તથા આધ્યાત્મિક વ્યાખ્યાનમાળા

## સાનંદ સંપન્ન

દેવલાલી કહાનનગર મધ્યે તા. ૨૬-૬-૨૦૧૨ થી તા. ૩-૭-૨૦૧૨ સુધી શ્રી રમણીકભાઈ સાવલા સ્વાધ્યાય પરિવાર તરફથી શ્રી અષાઢ નંદિશ્વરદ્વિપ અષ્ટાહ્નિકા પર્વ પ્રસંગે શ્રી નિયમસાર મહામંડલ વિધાન તથા આધ્યાત્મિક વ્યાખ્યાનમાળા શિબિરનું આયોજન થયું. જેમાં ભારતવર્ષનાં લગભગ ૬૦૦થી વધુ આત્માર્થિ મુમુક્ષુભાઈઓ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

સૌ પ્રથમ દિવસે તા. ૨૬-૬-૨૦૧૨નાં કહાનનગરનાં વિશાળ પ્રાંગણમાં મંગલાષ્ટક તથા શુદ્ધિપૂર્વક શ્રી પંચપરમેષ્ઠિ પૂજન વિગેરે બાદ ધર્મધ્વજારોહણ તથા શ્રીજી એવં મંગલકળશ શોભાયાત્રાપૂર્વક શ્રી પરમાગમ મંદિરમાં શ્રીજી બિરાજમાન કરી વિધાનમંડપમાં મંગલકળશની સ્થાપના કરવામાં આવી.

દરરોજ સવારે ૬-૩૦ વાગે શ્રી મહાવીર જિનાલયમાં શ્રી જિનેન્દ્ર અભિષેક પછી પરમાગમ મંદિરનાં વિશાળ હોલમાં સવારે ૭ થી ૯ શ્રી સમ્મુચય પૂજન, શ્રી નંદિશ્વર પૂજન, શ્રી નિયમસાર મહામંડલ વિધાન ડૉ. શ્રી મુકેશ 'તન્મય' શાસ્ત્રી (વિદિશા) તથા સહયોગી પં. અનિલ 'ધવલ' (ભોપાલ) દ્વારા કરાવવામાં આવ્યુ હતું.

આ મંગલ મહોત્સવ દરમ્યાન દરરોજ સવારે ૯-૪૫ થી ૧૦-૪૫ સુધી પૂજ્ય ગુરુદેવશ્રીનાં નિયમસાર શુદ્ધભાવ અધિકારની ગાથા-૩૮ ઉપર સીડી પ્રવચન, ત્યારબાદ ૧૦-૪૫ થી ૧૧-૩૦ પં. શ્રી જ્ઞાનચંદજી જૈન (વિદિશા)નાં નિયમસાર ગાથા ૪૪ ઉપર પ્રવચન થતાં.

બપોરનાં ૨-૪૫ થી ૩-૦૦ સામૂહિક પાઠ ડૉ. શ્રી મુકેશ શાસ્ત્રી તથા બ્ર. સુકમાલજી ઝાંઝરી દ્વારા તથા ૩-૦૦ થી ૩-૪૫ પં. દાદા શ્રી વિમલચંદજી ઝાંઝરી (ઉજ્જૈન)નાં નિયમસાર શુદ્ધભાવ અધિકાર ઉપર પ્રવચન, ૩-૪૫ થી ૪-૩૦ પં. શ્રી રાજેન્દ્રકુમારજી જૈન (જબલપુર)નાં નિયમસારનાં વિવિધ અધિકારોની ગાથાઓનાં સારભૂત પ્રવચનો થયાં. ૪-૩૦ થી ૫-૦૦ શ્રી મહાવીર જિનાલયમાં શ્રી જિનેન્દ્ર ભક્તિ, આઠમ-ચૌદશનાં દિવસે સાંજે ૬-૩૦ વાગે શ્રી અમૃતભાઈનાં માર્ગદર્શનમાં સમૂહ પ્રતિક્રમણ થતું.

રાતનાં ૭-૩૦ થી ૮-૧૫ પં. શ્રી બાબુભાઈ મહેતા (ફતેપુર)નાં નિયમસાર શાસ્ત્ર ઉપર શિક્ષણવર્ગ ત્યારબાદ પં. શ્રી રાજેન્દ્રકુમારજી જૈન (જબલપુર)નાં પ્રવચન વિગેરે આગંતુક મુમુક્ષુ ભાઈઓ-બહેનોને વિવિધ આધ્યાત્મિક આયોજનોનો ભરપુર લાભ મળ્યો.

શ્રી રમણીકભાઈ સાવલા સ્વાધ્યાય પરિવાર દ્વારા આગામી અષાઢ અષ્ટાહ્નિકા વર્ષ ૨૦૧૩માં પ્રવચનસાર મંડલ વિધાન આયોજનની ભાવના વ્યક્ત કરી. આમ આઠ દિવસ દેવલાલી કહાનનગરમાં મહત્તી ધર્મ પ્રભાવના થઈ.

## અધ્યાત્મનગરી કહાનનગર, દેવલાલી મધ્યે
## પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટના ઉપક્રમે
# શ્રીમતી પ્રભાબેન ભાનુભાઈ ભારાણી પરિવાર
## ગામ. દેશલપુર (કચ્છ - કંઠી) હસ્તે રમણીકભાઈ સાવલા તરફથી
## પરમપૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સ્વાનુભવ પ્રધાન અધ્યાત્મ જ્ઞાનોપાસના અને આત્મસાધનાનાં હેતુભૂત મહાપર્વ
# પર્વાધિરાજ પર્યુષણ પર્વ દશલક્ષણી પર્વનો ઉત્સવ

ભાદરવા સુદ-૪, બુધવાર તા. ૧૯-૯-૨૦૧૨ થી ભાદરવા સુદ-૧૪, શુક્રવાર તા. ૨૮-૯-૨૦૧૨ સુધી

# નિમંત્રણ પત્રિકા

**સત્ધર્મ વત્સલ ભાઈશ્રી/બહેનશ્રી**

સવિનય વિજ્ઞપ્તિ જે અધ્યાત્મનગરી કહાનનગર, દેવલાલી મધ્યે પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટના ઉપક્રમે **શ્રીમતી પ્રભાબેન ભાનુભાઈ ભારાણી પરિવાર તરફથી ''પર્વાધિરાજ પર્યુષણ પર્વ શ્રી દશલક્ષણી પર્વ''** ભાદરવા સુદ-૪, બુધવાર તા. ૧૯-૯-૨૦૧૨ થી ભાદરવા સુદ-૧૪, શુક્રવાર તા. ૨૮-૯-૨૦૧૨ સુધી અત્યંત ભાવપૂર્વક ઉજવવામાં આવશે, તે દરમ્યાન શ્રી દિગમ્બર જૈન આમ્નાય પ્રમાણે અભિષેક, પૂજા, ભક્તિ, વાંચન, સ્વાધ્યાય, પ્રતિક્રમણ અને શ્રી જૈન સત્શાસ્ત્રોના રહસ્યના પ્રવચનો થશે તથા અધ્યાત્મયોગી પરમ ઉપકારી **પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી ના અલૌકીક સી.ડી. પ્રવચનો** રાખવામાં આવશે, તેનો લાભ લેવા સર્વમુમુક્ષુ ભાઈઓ તથા બહેનોને પધારવા વિનંતી છે. દરરોજનો કાર્યક્રમ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે.

તે ઉપરાંત દશલક્ષણી પર્વના દિવસો દરમ્યાન વિદ્વાન પંડિત **શ્રી પ્રદિપકુમારજી ઝાંઝરી (ઉજ્જૈન)** પધારશે અને દશધર્મ તથા સમયસારાદિ શાસ્ત્રો પર પ્રવચનો આપશે, તો દરેક ભાઈઓ/બહેનોને લાભ લેવા વિનંતી છે.

**દશલક્ષણી પર્વનાં સામાન્ય કાર્યક્રમ ઉપરાંત નીચેના દિવસોમાં નીચે મુજબ વિશેષ કાર્યક્રમ રાખવામાં આવેલ છે.**

| | | | |
|---|---|---|---|
| ભાદરવા સુદી ૪ને | બુધવાર | તા. ૧૯-૯-૨૦૧૨ | ઉત્તમ ક્ષમાધર્મ, આલોચના, પ્રતિક્રમણ. |
| ભાદરવા સુદી ૧૦ને | મંગળવાર | તા. ૨૫-૯-૨૦૧૨ | ધુપદશમી દિન, સુગંધ દશમી - વ્રતપૂજા |
| ભાદરવા સુદી ૧૪ને | શુક્રવાર | તા. ૨૮-૯-૨૦૧૨ | અનંતચતુર્દશી દિન, સમુહ પ્રતિક્રમણ |
| ભાદરવા વદી ૧ને | રવિવાર | તા. ૩૦-૯-૨૦૧૨ | ઉત્તમ ક્ષમાવણી દિન, શ્રી જિનેશ્વર ભગવાનને ૧૦૮ કળશાભિષેક, સમુહપૂજા, સમુહ ક્ષમાપના |

ઉપરના સર્વ કાર્યક્રમનો લાભ લેવા સર્વ મુમુક્ષુ ભાઈ-બહેનોને પધારવા વિનંતી છે.

સ્થળ :- **પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ,** *કહાનનગર લામરોડ, દેવલાલી* ફોન : ૦૨૫૩-૨૪૯૧૦૪૪ / ૪૫

નોંધ : *૧) આપ કઈ તારીખે કેટલી વ્યક્તિ દેવલાલી પધારશો તે અગાઉથી જાણ કરવા વિનંતી.*
*૨) સંપૂર્ણ કાર્યક્રમમાં ભાગ લેનાર માટે આવાસ તથા ભોજન નિ:શુલ્ક રાખવામાં આવેલ છે.*

લી. પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ - ટ્રસ્ટીગણ

લાઈવ ટેલીકાસ્ટ : **www.guruprasaddevlali.com** **(User ID - cctv & Password cctv)**

*॥ શ્રી વીતરાગાય નમઃ ॥*

**શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ, મુંબઈના ઉપક્રમે, મુંબઈ ઝવેરી બજાર મધ્યે**
**પરમપૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સ્વાનુભવ પ્રધાન**
**અધ્યાત્મ જ્ઞાનોપાસના અને આત્મસાધનાનાં હેતુભૂત મહાપર્વ**

# 卐 પર્વાધિરાજ પર્યુષણ પર્વ 卐 દશલક્ષણી પર્વનો ઉત્સવ 卐

ભાદરવા સુદ-૪, બુધવાર તા. ૧૯-૯-૨૦૧૨ થી ભાદરવા સુદ-૧૪, શુક્રવાર તા. ૨૮-૯-૨૦૧૨ સુધી

# 卐 નિમંત્રણ પત્રિકા 卐

સત્ધર્મ વત્સલ ભાઈશ્રી/બહેનશ્રી

સવિનય વિજ્ઞપ્તિ જે આપણા મંડળ તરફથી ''પર્વાધિરાજ પર્યુષણ પર્વ શ્રી દશલક્ષણી પર્વ'' ભાદરવા સુદ-૪, બુધવાર તા. ૧૯-૯-૨૦૧૨ થી ભાદરવા સુદ-૧૪, શુક્રવાર તા. ૨૮-૯-૨૦૧૨ સુધી અત્યંત ભાવપૂર્વક ઉજવવામાં આવશે, તે દરમ્યાન શ્રી દિગમ્બર જૈન આમ્નાય પ્રમાણે અભિષેક, પૂજા, ભક્તિ, વાંચન, સ્વાધ્યાય, પ્રતિક્રમણ અને શ્રી જૈન સત્શાસ્ત્રોના રહસ્યના પ્રવચનો થશે તથા અધ્યાત્મયોગી પરમ ઉપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી ના અલૌકીક સી.ડી. પ્રવચનો રાખવામાં આવશે, તેનો લાભ લેવા નીચે નિર્દિષ્ટ કરેલા સ્થળે અને સમયે સર્વમુમુક્ષુ ભાઈઓ તથા બહેનોને પધારવા વિનંતી છે. દરરોજનો કાર્યક્રમ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે. તે ઉપરાંત દશલક્ષણી પર્વના દિવસો દરમ્યાન વિદ્વાન પંડિત **શ્રી બીપીનકુમારજી જૈન (નાગપુર)** પધારશે અને દશધર્મ તથા સમયસારાદિ શાસ્ત્રો પર પ્રવચનો આપશે, તો દરેક ભ ાઈઓ/બહેનોને લાભ લેવા વિનંતી છે.

દશલક્ષણી પર્વનાં સામાન્ય કાર્યક્રમ ઉપરાંત નીચેના દિવસોમાં નીચે મુજબ વિશેષ કાર્યક્રમ રાખવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| ભાદરવા સુદી ૪ને | બુધવાર | તા. ૧૯-૯-૨૦૧૨ | ઉત્તમ ક્ષમાધર્મ, આલોચના, પ્રતિક્રમણ. |
| ભાદરવા સુદી ૧૦ને | મંગળવાર | તા. ૨૫-૯-૨૦૧૨ | ધુપદશમી દિન, સુગંધ દશમી - વ્રતપૂજા |
| ભાદરવા સુદી ૧૪ને | શુક્રવાર | તા. ૨૮-૯-૨૦૧૨ | અનંતચતુર્દશી દિન, સમુહ પ્રતિક્રમણ |
| ભાદરવા વદી ૧ને | રવિવાર | તા. ૩૦-૯-૨૦૧૨ | ઉત્તમ ક્ષમાવણી દિન, શ્રી જિનેશ્વર ભગવાનને ૧૦૮ કળશાભિષેક, સમુહપૂજા, સમુહ ક્ષમાપના |

ઉપરના સર્વ કાર્યક્રમનો લાભ લેવા સર્વ મુમુક્ષુ ભાઈ-બહેનોને પધારવા વિનંતી છે.

**સ્થળ :-** શ્રી સીમંધર જિનાલય, ૧૭૩-૧૭૫, મુમ્બાદેવી રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૨ **ફોન :** ૨૩૪૨ ૫૨૪૧ / ૨૩૪૪ ૬૦૯૯

લી. શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળ, મુંબઈ

## -: વૈરાગ્ય સમાચાર :-

◆ ખાર મુંબઈ નિવાસી **શ્રી ભૂપતભાઈ કેવળચંદ શાહ**નો દેહ વિલય થયો છે. તેઓ ઘણા જુના મુમુક્ષ હતાં. પૂજ્ય કહાન ગુરુદેવશ્રી પ્રતિ શ્રધ્ધા ભક્તિ ધરાવતા હતા. અવારનવાર દેવલાલી આવી ધર્મ લાભ લેતા હતાં. અધ્યાત્મ સંસ્કારોનાં બળે શીઘ્ર આત્મોન્નતિ પામો એજ અભ્યર્થના.

◆ લખતર નિવાસી, હાલ દાદર-મુંબઈ **પ્રભાબેન રમણીકલાલ દોશી** તા 22-7-2012 નાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ દેવ-ગુરુ-ધર્મ પ્રતિ શ્રધ્ધા ભક્તિ ધરાવતા હતા. પૂજ્ય કહાન ગુરુદેવશ્રી પ્રતિ ભક્તિભાવ હતો. નિયમિત દર્શન-પૂજન પ્રવચનનો લાભ લેતા હતાં. અવારનવાર દેવલાલી આવી લાભ લેતા હતા. ઉચ્ચ અધ્યાત્મ સંસ્કારોનાં બળે દેવ ગુરુ ધર્મનાં શરણમાં શીઘ્ર આત્મોન્નતિ પામો એજ અભ્યર્થના.


## વેબસાઈટ દ્વારા 'ગાગરમાં સાગર' - 'વીતરાગવાણી'માં

પરમ પૂજ્ય કહાન ગુરુદેવશ્રીના તમામ અંદાજે ૯૦૦૦ પ્રવચનો (ઓડિયો-વિડીયો) આ વેબસાઈટ ઉપર સાંભળી શકાય છે, તેમજ ડાઉનલોડ (કોપી) પણ કરી શકાય છે. તદ્ઉપરાંત સાથે સાથે આગમ શાસ્ત્રો પણ આપેલા છે, જે વાંચી પણ શકાય છે. તે સિવાય માંગલિક, શાસ્ત્રભંડાર, આત્મધર્મ સળંગ અંકો, જીવન પરિચયો, ભક્તિગીતો, મંગલ સંસ્મરણો, તીર્થદર્શન, જૈન ભૂગોળ, બાળ વિભાગ વિગેરે ઘણી બધી માહિતી આ 'ગાગરમાં સાગર'ની જેમ આપ આ એક જ વેબસાઈટમાંથી પ્રાપ્ત કરી શકશો. એક વખત અવશ્ય આ વેબસાઈટની મુલાકાત લઈ આપનો અભિપ્રાય/સુચનો મોકલશો.

વેબસાઈટ : www.vitragvani.com સંપર્ક : શ્રી કુંદકુંદ કહાન પારમાર્થિક ટ્રસ્ટ, પારલા, મુંબઈ

Tel. : ૦૨૨- ૨૬૧૩ ૦૮૨૦ E-mail : info@vitragvani.com


## સાભાર સ્વીકાર

### દેવલાલી મધ્યે નવીન અતિથિ ભવન રૂમ નિર્માણ ખાતે

રૂા. 2,51,000/- શ્રીમતિ કસ્તુરબેન દેવચંદ પતાણીનાં સ્મરણોર્થે
હસ્તેઃ ચંદ્રકાંત-હંસા-ભાઈચંદ-મૃદુલા, વંદન, બીના,
રજની, ભારતી, પ્રભાબેન, મનસુખભાઈ
પ્રેરકઃ ચંપાબેન લીલાધર શાહ

### કાયમી વાર્ષિક વિધાન યોજના ખાતે

રૂા. 50,000/- કચ્છ નલિયાનાં સ્વ. શ્રી પદમશી લખમશી મણશી નાગડા
તથા સ્વ. રતનબેન પદમથી નાગડાનાં સ્મરણાર્થે
હઃ દક્ષાબેન, કમલાબેન, મણીકાંતભાઈ, રમેશભાઈ,
ચંદ્રકાંતભાઈ પરિવાર, ઘાટકોપર